# વૈદિક જ્યોતિષ સંસ્થાન (રજી.)

# VEDIC JYOTISH SANSTHAN (REGD.)

Reg. No. Bombay Public Trust Act
**Vide Registration No. E-26475 (Mumbai)**

175/43-D, Panchsheel CHS., Sector-1, Charkop, Kandivali (W), Mumbai - 400 067.
Email : vjtvv1@gmail.com • www.vedicjyotishsansthan.com

ચંદ્રક અને પ્રમાણ પત્ર વિતરણ

Medal & Certificate Distribution

## ગુરૂ પૂર્ણિમા મહોત્સવ

## GURU PURNIMA MAHOTSAV

**On Sunday, 21st July - 2013**

**Lecture : 2.00 p.m. • Medal & Certificate : 3.30 p.m.**

**Venue :** Samta Krida Bhavan, Sai Nagar, M. G. Road,
Opp. Wasan Motors, Kandivali (West), Mumbai - 400 067.

**Our Centers : Borivali (Sat.) • Malad (Sun.) • Borivali (Mon.)**



ભગવાન શ્રી દત્તાત્રેય

# ॥ श्री दत्त स्तोत्रम् ॥

अत्रिपुत्रो महातेजा दत्तात्रेयो महामुनिः। तस्य स्मरणमात्रेण सर्वपापैः प्रमुच्यते॥
मुंडनं कौपिनं भस्मं योगपट्टं च धारायन्। शैली श्रृंगी तथा मुद्रा दंड पात्र जिनासनम्॥
कंथादो पंच आधारी कंटमालां च पादुकाम्। कर्णकुंडलधारी च सिद्धोहि भ्रमते महिम्॥
दत्तात्रेयो महादेवो विष्णुरुपो महेश्वरा। स्मरणात् सर्वपापानि नश्यन्ते नात्र संशयः॥
मातापूरनिवासी च देवो दत्तात्रेयो मुनिः। नित्यस्नानं प्रकुरुते भागीरथ्यां दिने दिने॥
दत्तात्रेयो हरिः साक्षात् वसन्ते सह्यपर्वते। भक्तानां वरदो नित्यं सः देवक्षितितं माया॥
नागहार धरो देवो मुकुटादि समन्विता। पुष्पमालाधरो देवो सः देवो वरदो मम्॥
अत्रिजो देवदेवेषो मातुलिंगधर प्रभु। सर्वसौभाग्ययुक्तश्च भक्तानां वरदः सदा॥

॥ श्री दत्त स्त्रोत्रम् सम्पूर्णम् ॥

# ॥ श्री दत्तात्रेय माला मन्त्र ॥

अत्यन्त प्रभावशाली तथा समस्त कामनाओं को पूर्ण करनेवाला यह माला-मन्त्र श्री विष्णु के द्वारा ब्रह्माजी को बताया गया था।

इसके जप से चित्तशुद्धि, समदृष्टि, दोषों से मुक्ति तथा सभी प्रकार से उपकार करने की शक्ति प्राप्त होती है। मन्त्र इस प्रकार है:-

**''ॐ नमो भगवते दत्तात्रेय स्मरणमात्र-सन्तुष्टाय महाभय निवारणाय**
**महाज्ञानप्रदाय चिदानन्दात्मने बालोन्मत्त-पिशाचदेवाय महायोगिने**
**अवधूताय अनुसूयानन्द-वर्धनायात्रिपुत्राय।**

**ॐ भवबन्धविमोचनाय ह्रीं सर्वविभूतिदाय क्रौं असाध्याकर्षणाय ऐं वाक् प्रदाय**
**क्लीं जगत्त्रयवशीकरणाय सौः सर्वमनःक्षोभणाय श्री महासम्पत्प्रदाय ग्लौं**
**भूमण्डलाधिपत्यप्रदाय द्रां चिरन्जीविने वषट् वशीकुरु वशीकुरु वौषट् आकर्षय**
**आकर्षय हुं विद्वेषय विद्वेषय फट् उच्चाटय उच्चाटय ठःठः स्तम्भय स्तम्भय खें खें**
**मारय मारय नमः सम्पन्नय नय स्वाहा पोषय पोषय परमन्त्र-परयन्त्र-परतन्त्राणि**
**छिन्धि छिन्धि ग्रहान् निवारय निवारय व्याधीन् विनाशय विनाशय दुःखं हरहर**
**दारिद्रयं विद्रावयं विद्रावम देहं पोषय पोषय चित्तं तोषय तोषय सर्वमन्त्रस्वरुपाय**
**सर्वतन्त्रस्वरुपाय सर्वपल्लवस्वरुपाय**
**ॐ नमो महासिद्धाय स्वाहा॥**

## VEDIC JYOTISH SANSTHAN

હરિ ૐ

# સંસ્થા પરિચય

વૈદિક જ્યોતિષ સંસ્થાનનો મૂળ ઉદ્દેશ્ય આજના આધુનિક યુગમા જ્યોતિષ તથા વાસ્તુશાસ્ત્રને પહેલા જેટલું જ આદરપાત્ર બનાવવાનું તથા જ્યોતિષ અને વાસ્તુશાસ્ત્રને જીવંત રાખવા માટે નિ:સ્વાર્થભાવે તેનો પ્રચાર અને પ્રસાર કરવાનો છે.

હાલનું દૂષિત માનસ જ્યોતિષ તથા વાસ્તુશાસ્ત્રને ખુબ જ નિમ્નકક્ષાનું ગણે છે. શાસ્ત્રના રચનાકારો એ કલ્પના પણ ન કરી હોય એવી અવહેલના આજનાસમયમાં થવા માંડી છે, લોકો જ્યોતિષ કે વાસ્તુમાં વિશ્વાસ જાહેર કરવામાં નાનમ કે શરમ અનુભવતા હોય છે, ગુપ્તતા જાળવતા હોય છે, હિણપત અનુભવતા હોય છે, શાસ્ત્ર પ્રત્યે સૂગ ધરાવતા હોય છે, કારણ શું...? કારણ કે આજે આપણે આપણી મૂળ સંસ્કૃતિથી વિમુખ થઇ રહ્યા છીએ. સંસ્થા લોકોના માનસમાંથી આ વિદ્યા કે શાસ્ત્ર પ્રત્યેના ખોટા ભ્રમ અને ડર દૂર કરવાના હેતુ થકી નિસ્વાર્થપ્રયાસ દ્વારા લોકોને જ્યોતિષનું નિર્મળ જ્ઞાન પ્રદાન કરે છે.

જ્યોતિષશાસ્ત્ર પાસે લોકોની આપેક્ષા એલોપથી દવા જેવી થવા લાગી છે. આજના સમયમાં લોકોને પોતાની તકલીફોનુ તરતજ નિવારણ જોઇએ છે. લોકોને અંધશ્રધ્ધા, પૂર્વગ્રહ તથા હાથોહાથ નિકાલ આપતા અન્ય ઉપાયો દ્વારા તેમની તકલીફોનુ કલાક અને મિનિટોમાં જ સમસ્યાનું નિરાકરણ જોઇએ છે. ટીકડી ખાતાજ..દર્દ ગાયબ...! આ માનસ બદલાવું જોઇએ. સંસ્થાનો અભ્યાસક્રમ એ એક ગણત્રી તથા વિજ્ઞાન જ છે, જેના દ્વારા વૈજ્ઞાનિક પધ્ધતિથી પૌરાણિક દાખલા, કથાઓ, દ્રષ્ટાંતો દ્વારા ખુબજ સરળ પધ્ધતિથી શાસ્ત્ર ભણાવવામાં આવે છે. જ્યોતિષ શાસ્ત્ર, હસ્તરેખા શાસ્ત્ર, વાસ્તુ શાસ્ત્ર તેમજ સ્વરજ્ઞાન વગેરે વિષયોને આવરી લઇ વિસ્તૃત અભ્યાસ ક્રમ દ્વારા જ્ઞાનદાનની નિ:શુલ્ક સેવા માનદ્ અધ્યાપકો દ્વારા આપવામાં આવે છે. કોઇ પણ નાત-જાતના ભેદભાવ વગર ભાષાનું સામાન્ય જ્ઞાન ધરાવતાં કોઇપણ ઉંમરના ભાઇ-બહેનો ને જ્ઞાન મેળવવાનું સહૃદય આમંત્રણ આપવામાં આવે છે. વર્ષાંતે પરિક્ષા લઈ પ્રમાણ-પત્ર આપવામાં આવે છે. આ શાસ્ત્ર વેદો દ્વારા મળેલો અમુલ્ય વારસો છે, વરદાન છે, જે ઋષિ મુનિઓની ન જાણે કેટકેટલા વર્ષોની મહેનતનો નિચોડ છે? જ્યોતિષ શબ્દનો અર્થ શું છે ? ઉત્તર છે, ઈશ્વર ની જ્યોત..! માનવને જીવન જીવવાના માર્ગો તો અનેક છે, પરતું સદ્-જીવન જીવવાનો સાચો માર્ગ કયો છે ? તે આ ઈશની જ્યોતનો પ્રકાશ એટલે કે જ્યોતિષશાસ્ત્રના જ્ઞાન દ્વારા જ જાણવા મળી શકે છે.

## માનદ્ અધ્યાપકો


| | | |
|---|---|---|
| શ્રી અશોકભાઈ ચૌહાણ | શ્રીમતી બીનાબેન જોષી | શ્રીમતી કુંદનબેન દેસાઈ |
| શ્રીમતી વાસંતીબેન ભટ્ટ | કુ. ઝંખના દવે | શ્રી હીરેનભાઈ ભાવસાર |

## વ્યવસ્થાપન સમિતિ

શ્રી મુકેશભાઇ મહેતા     શ્રી શર્વીલભાઇ વૈદ્ય

પગલું ભરતા પહેલાં જે વિચાર નથી કરતો એ ક્યારેય સ્થિર નથી ઊભો રહી શકતો.

# VEDIC JYOTISH SANSTHAN



**Ashokbhai Chauhan**
President
(Jyotishalankar)
Hon. Trustee



**Bina Joshi**
Principal
(Jyotishalankar)
Hon. Trustee



**Kundanben**
Hon. Lecturer
(Jyotishalankar)



**Vasanti Bhadra**
Hon. Lecturer



**Zankhana Dave**
Hon. Lecturer



**Hiren Bhavsar**
Hon. Lecturer

આ ગુરૂપૂર્ણિમાનાં પાવન અવસરે આપણે વેદના અંગ એવા જ્યોતિષ દ્વારા આપણા અજ્ઞાનને દૂર કરી, ઈશ્વર પર વધુ શ્રદ્ધા ધરાવતા થઈએ. આ વિદ્યા દ્વારા આપણે આપણા આત્મજ્ઞાન તરફ આગળ વધી શકીએ અવિદ્યાથી દૂર થઈએ. મોહથી મુક્ત થઈ, આ સંસારની બધી જ બાબતોને સમબુધ્ધિથી સ્વીકારીએ અને આપણા ગુરૂજનોને વંદન કરીએ.

तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता।
भवन्ति संपदं दैवीमभिजातस्य भारत॥

ગીતાના ૧૬માં અધ્યાયનો આ શ્લોક જણાવે છે કે તેજ, ક્ષમા, ધૈર્ય તથા બહાર તથા અંદરની શુધ્ધિ કોઈમાં પણ શત્રુભાવ ન હોવો અને પોતામાં પૂજ્યતાના અભિમાનનો અભાવ હોવો તે દૈવી સંપત્તિ પ્રાપ્ત થયેલ પુરૂષનાં લક્ષણો છે.

આ જ્ઞાન દ્વારા આપણે પણ તે માર્ગ પર ડગ માંડી શકીએ તેવી ઈશ્વરને અભ્યર્થના.

- બીના જોશી

દુઃખમાં પણ પ્રેમ હોય તો માણસ સુખેથી જીવી શકે છે.

# અમારા માનવંતા મહેમાન



શ્રી નિરંજનભાઈ જોશી

સંસ્થાના સંચાલક ગણ, અધ્યાપક ગણ તથા વિદ્યાર્થી ગણના આગ્રહને માન આપી ગુરૂ પૂર્ણિમાના પાવન અવસર પર ૮૭ વર્ષની જૈફ વયે, તંદુરસ્ત સ્વાસ્થ્ય હોવા છતાં આમંત્રણ સ્વીકારવા બદલ આજના માનવંતા મુખ્ય મહેમાન ગુરૂવર્ય શ્રી નિરંજન જોશીનો સંસ્થા હૃદયપૂર્વક આભાર માને છે. ગુરૂવર્ય શ્રી નિરંજન જોશીની ઉપસ્થિતિથી સંસ્થાની આ ગુરૂપૂર્ણિમા ચિરસ્મરણીય બની રહેશે.

ઈશની જ્યોતનો સાક્ષાત્કાર કરાવવાના એકમાત્ર ધ્યેય સાથે જન્મેલા, શ્રી નિરંજનભાઈ ઈશ્વરલાલ જોશીનો જન્મ તા. ૦૧ જાન્યુઆરી ૧૯૨૭ ના રોજ સૌરાષ્ટ્રના કેશોદ મુકામે થયેલ છે. વારસાગત સ્વસ્તિ સરસ્વતી માતાના આશીર્વાદ ધરાવતાં બ્રાહ્મણ પરિવારમાં જન્મેલા શ્રી નિરંજનભાઈના પિતાશ્રી ઈશ્વરલાલભાઈ જોશી પ્રસિદ્ધ કવિવર્ય હતાં. તેમણે ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ બનાવવામાં અમૂલ્ય યોગદાન આપેલ. આજે પણ ગુજરાત રાજ્યના શૈક્ષણિક અભ્યાસક્રમમાં તેમના દ્વારા રચિત કવિતાઓ બાળકોને શિક્ષણમાં ભણાવાય છે.

આજીવન જ્યોતિષ શાસ્ત્રના પ્રસાર અને પ્રચાર કાર્ય માટે, સેવા વ્રતના પ્રણ સાથે કાર્યરત શ્રી નિરંજન જોશીના હાથ નીચે અત્યાર સુધીમાં લગભગ ૪૦,૦૦૦ કરતાં પણ વધારે ભાઈ-બહેનોએ શિક્ષણ મેળવેલ છે. કોઈપણ જાતના ભેદભાવ અને અપેક્ષા વગર માત્ર ભાષા અને પ્રાથમિક ગણિતનું જ્ઞાન ધરાવતા સૌ કોઈને આપણાં વેદકાલિન અમૂલ્ય વારસાનું જ્ઞાન વહેંચતા આવ્યાં છે. લોકહૃદયને સ્પર્શે તેવી તેમની સરળ અને રસાળ વાણીના પ્રતાપે ભાષાના જ્ઞાન ધરાવતાં વિદ્યાર્થીઓ પણ આજે જ્યોતિષ જગતમાં વિદ્વતા અને સફળતાના શિખરે પહોંચ્યા છે. જેમાંથી કેટલાંક આ શાસ્ત્રના સંશોધન અને પ્રસાર સેવામાં, કેટલાંક વ્યવસાયિક જ્યોતિષી-વાસ્તુશાસ્ત્રી તરીકે, અખબારના કટાર લેખકો, સામયિક અને પંચાંગના સંપાદકો તરીકે પ્રતિષ્ઠિત થયેલ છે. ભારતની આર્થિક રાજધાની મુંબઈ ના ૯૯% દૈવજ્ઞો તેમના શિક્ષણનો લાભ લઈ ચુકયા છે. લગભગ ૭૦ના દશકાના પ્રારંભે "ભવિતવ્યતા" નામની સંસ્થાનો પ્રારંભ કર્યો અને પછીથી તે જ્યોતિર્જ્ઞાતા મંડળ (જ્યોતિષ વિદ્યાપીઠ)ના નામથી પ્રચલિત બની. ઈ.સ. ૧૯૫૦ થી ૧૯૬૦ ના દશકમાં ધુરંધર વિદ્વાનો પાસેથી શાસ્ત્રોકત વિદ્યા સંપાદન કરી અનેક માનદ્ ઉપાધિ - સન્માનપત્રો, સુવર્ણ ચંદ્રકો, પારિતોષિક, પુરસ્કારોથી સન્માનિત થયા. તેમણે શ્રી સી. જે. કૃષ્ણસ્વામી, શ્રી સોમણ શાસ્ત્રી, શ્રી યશવંત કેશવ પ્રધાન, શ્રી ગોપાલકૃષ્ણ મોદી જેવા અનેક સમર્થ આચાર્યો પાસેથી શાસ્ત્ર જ્ઞાન મેળવ્યું. જ્યોતિષ શાસ્ત્રની સાયન અને નિરયન શાખામાં વિદ્વતા મેળવી, અનુભવે નિરયન શાખાની સચોટતા ને જ્યોતિષ જગતમાં પુરવાર કરી નિરયન શાખાની પ્રશાખાઓનું વિધિવત્ વિદ્યાર્થીઓને શિક્ષણ આપતા રહેલ છે. વિદ્યાર્થીઓને સરળ ભાષામાં સમજાય તે હેતુ લગભગ ૨૨ થી વધુ પુસ્તકો રચેલ છે. મુંબઈ શહેરમાં જ્યોતિષ, વાસ્તુ અને સ્વર વિજ્ઞાનના શાસ્ત્રોકત વર્ગોના આદ્ય સ્થાપક અને સફળ સંચાલક રહેલ છે. મુંબઈ ઉપરાંત અમદાવાદ, દિલ્હી, પુના શહેર, નડિયાદ વગેરે ભારતના ઘણા શહેરોમાં અસંખ્ય પરિષદોમાં વર્ગો, સભાઓનું સફળ સંચાલન કરેલ છે.

ભારતવર્ષના પ્રતિષ્ઠિત જ્યોતિષાચાર્યો જેવા કે શ્રી નલિનભાઈ ઝવેરી, શ્રી જમનાદાસ જીવરાજાણી, શ્રી રવિન્દ્ર દેસાઈ, શ્રી નરેન્દ્રલાલ શાહ, શ્રી સુરેન્દ્ર ભગત, શ્રી સુભાષચંદ્ર સકસેનાજી જેવા અનેક આદરણીય વિદ્વાનો તેમના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક કાર્ય કરી ચુકેલ છે. તેઓ અનુશાસન અને સિદ્ધાંતોના ચુસ્ત આગ્રહી હોવાથી જ આજે પણ ૮૭ વર્ષની જૈફ વયે પણ શાસ્ત્રની સેવામાં કાર્યરત છે તેમજ "જ્યોતિષ શાસ્ત્રના ઉત્તમ ગુરૂ" તરીકે બધા માટે આદર્શ બનેલ છે.

જ્યોતિષ જગતમાં જ્યોતિષના જ્ઞાન દાનની જ્યોત પ્રગટાવી ચાર દાયકાના સતત પરીશ્રમ દ્વારા જ્યોતિર્જ્ઞાતા મંડળનો અને જ્યોતિષ શિક્ષણનો વ્યાપ એટલો વધાર્યો કે સામાન્યજનને સ્પર્શી જાય એવા ઉમદા સંદેશા આપ્યા છે જે આજેય પડઘાતા રહે છે.

"ઈશની જ્યોત એટલે જ્યોતિષ" આ સૂત્રદ્વારા જ્યોતિષ શાસ્ત્રમાં જ્યોતિષ એ અદ્વૈતનું વિજ્ઞાન છે. દ્વૈત-અદ્વૈત, લૌકિક-અલૌકિક, ગ્રહો-નક્ષત્રો, પૃથ્વીથી દૂર અનંત કોટી બ્રહ્માંડ અધ્યાત્મ-ધર્મ અને જ્યોતિષએ બાળપણની પ્રવૃત્તિ પોતાના નિજાનંદ માટે અને સંતોષ માટે હોય છે. જ્યોતિષના વર્ગમાં આવવું એ સત્સંગ છે, તે આત્માનું પરમ હિતેષી ઔષધ છે. જ્યોતિષની જુદીજુદી શાખાઓમાં ભારતીય નિરયન જ્યોતિષ અને અંતે સ્વજ્ઞાન દ્વારા આત્માની ઓળખ મેળવી, મનની શાંતિનું મૂલ્ય ગમે તેટલી સંપત્તિથી વધુ છે. તેમણે સિદ્ધ કર્યુ. ભારતીય નિરયન જ્યોતિષમાં સંસ્કૃતિના આદાન પ્રદાન કરવાની શકિત હોવાથી સહુના અંતરમાં રાષ્ટ્રીયત્વની ભાવના જગાવી શકાશે એવું દ્રઢપણે માનનાર ગુરૂવર્ય શ્રી નિરંજન જોશીને ઈશ્વર દિર્ઘાયુ આપે એવી અભ્યર્થના.

સ્વભાવથી જ જે અયોગ્ય હોય તેના પર સત્સંગની અસર થતી નથી.

''ખૂંદી તો ખમે માતા પૃથ્વી, વાઢી ખમે વનરાઈ,
કઠણ વચન સાચા જ્યોતિષ ખમે, નીર સાગરમાં સમાય''

**નિ**યમે સદા ગ્રાહકને સમજવાની સૂજ અતિ.
**રં**ગ લગાડયો કઈકને સમજાવે સરળ પદ્ધતિ.
**જ**ન્મીને જીવી જાણ્યું સાર્થક જીવન કરતા રહ્યા.
**ન**વખંડ ધરતી નાથ નચાવે એમ એ નાચી રહ્યા.
**જો**ઈ સર્વ એ ભાખે ભવિષ્ય જ્યોતિષના સિદ્ધાંતથી.
**શી**વ ભકતને શ્રદ્ધાળુ છે એ કથન જાયે કથી.

।। હરી ૐ ।।

"જન જન યુગ યુગ દેશવિદેશ,
નિઃસ્વાર્થ નિર્મળ જ્યોતિષ ફળાદેશ''

## નિરંજન પદ્ધતિ : (સરળ ફળ કથન પદ્ધતિ)

ભારતીય જ્યોતિષ શાસ્ત્ર પર આધારિત આ પદ્ધતિ લગ્ન પરત્વે ધ્યાન કેન્દ્રિત કર્યા પછી પ્રત્યેક સ્થાન પરત્વે તેનું બળાબળ નક્કી કરવા માટે જોવાની અને સમજવાની બાબતો નીચે મુજબ જાણવી.

નિરંજન પદ્ધતિમાં દરેક સ્થાનને ૧૦૦ માંથી ગુણ આપવાના છે. પ્રથમ છ નિયમોને ૧૫ માંથી ગુણ આપવા. બધા નિયમોમાં ગુણ આપતી વખતે લગ્નેશ, સ્થાનેશ અને કારકોને લક્ષમાં લેવા જરૂરી છે. ગ્રહોનાં બળાબળ વિચારતી વખતે અવસ્થાને ખ્યાલમાં રાખવી.

આ સાત નિયમો નીચે મુજબ જાણવા :

૧) સ્થાનમાં રાશી તેનો સ્વભાવ, પ્રભાવ અને અસરને ધ્યાનમાં લઈ, કાળપુરૂષની કુંડળીનાં નૈસર્ગિક સ્થાનનાં અનુસંધાનમાં વિચાર કરીને ગુણ આપવા.

૨) સ્થાનમાં રહેલાં ગ્રહો, જન્મ કુંડળીના કયાં સ્થાનના અધિપતિ તરીકે અહીં બિરાજેલા છે. અને શું ફળ આપવાનું સૂચન કરે છે તેનો ખ્યાલ કરવો.

૩) સ્થાન ઉપર કોઈ ગ્રહો દ્રષ્ટિ કરતા હોય તો જન્મ કુંડળીમાં તે ગ્રહો કોણ છે - કયાં સ્થાનના અધિપતિ છે. અને લગ્નેશ, સ્થાનેશ તથા કારક સાથે કેવા સંબંધ ધરાવે છે તેનો વિચાર કરવો.

૪) સ્થાનેશ ને ઓળખો, જન્મ કુંડળીમાં તે કયાં છે, પોતાના સ્થાનથી કેટલા દૂરના સ્થાને છે. તે વિચારો.

૫) સ્થાનેશની સાથે કયાં ગ્રહો છે. (જો હોય તો જન્મ કુંડળીમાં તે કયાં સ્થાનના અધિપતિ તરીકે નક્કી થયેલા છે. તથા કેટલા પ્રમાણમાં શું ફળ આપવા ઈચ્છે છે. તેનો વિચાર કરવો.

૬) સ્થાનેશ પર દ્રષ્ટિ કરતા ગ્રહો (જો કોઈ ગ્રહો દ્રષ્ટિ કરતા હોય તો) જન્મ કુંડળીમાં કયા સ્થાનના અધિપતિ તરીકે શું ફળ આપવા ધારે છે તેનો ખ્યાલ રાખીને નિર્ણય કરવો.

૭) સ્થાનના કારક કોણ છે, આ સ્થાનથી કયાં ગોઠવાયા છે - જન્મ કુંડળીનાં કયા સ્થાનમાં અને કઈ રાશીમાં છે. તેના તરફથી મળતા સૂચિતાર્થો લક્ષમાં લઈને ગુણ નક્કી કરો.

નોંધ : સાત નિયમોનો અભ્યાસ કરીને દરેક સ્થાનને ૧૦૦ માંથી ગુણ આપવાના રહે. ગુણ પ્રાપ્ત થયા પછી ટકાવારી મુજબ તેનું ફળ જાણવું.

| ગુણ | ફળ | ગુણ | ફળ | ગુણ | ફળ |
|---|---|---|---|---|---|
| ૭૦ થી વધુ = | ઉત્તમ | ૫૦ થી વધુ = | સારૂં | ૩૫ થી વધુ = | મધ્યમ |
| ૨૫ થી વધુ = | નબળું | ૨૫ થી ઓછા = | નિષ્ફળ | = **નિરંજન પદ્ધતિ** | |

ચારિત્ર સારું ના હોય, તો મોટામાં મોટી વિદ્યા પણ બેકાર છે.

VEDIC JYOTISH SANSTHAN

## વૈદિક જ્યોતિષ સંસ્થાનના ગુરૂપૂર્ણિમાના શુભ અવસર પર શ્રી નિરંજન જોશી દ્વારા સંદેશ



આત્મિય સ્વજન એવા મારા વિદ્યાર્થીઓ કે જેઓ વૈદિક જ્યોતિષ સંસ્થાનના અધ્યાપકો અને સંચાલકોને સંદેશ.

ઈશની જ્યોત સાથેનો પરિચય એટલે જ્યોતિષ. જ્યોતિષના જ્ઞાનની મશાલ સાથે સામાન્ય માનવીનાં માર્ગદર્શક બનવાની જવાબદારી ઈશ્વરે જ્યોતિષીઓને સોંપી છે.

જેમ વડાની વડવાઈ થકી નવો વડ અવતરીત થાય છે એવીજ રીતે જ્યોતિર્જ્ઞાતા મંડળના વિદ્યાર્થીઓ દ્વારા સ્થપાયેલ વિવિધ મંડળો જ્યોતિષ વર્ગોના નવા આધારબિંદુ તરીકે ઉદ્ભવી રહ્યા છે. વૈદિક જ્યોતિષ સંસ્થાન પણ જ્ઞાન દાનના આ જ માર્ગે ઉમદા કાર્ય કરી રહી છે.

આજથી ચાર દાયકા પહેલા આ જવાબદારી (જ્યોતિષશાસ્ત્રનું પઠન અને પાઠન) નિભાવવા માટે જ્યોતિર્જ્ઞાતા મંડળની સ્થાપના અને નિશુલ્ક જ્ઞાન વિતરણના યજ્ઞ સમા મુંબઈના પૂર્વ, પશ્ચિમ પરામાં તથા તળ મુંબઈમાં વિવિધ કેન્દ્રોની શરૂઆત થઈ હતી.

અંગત મહત્વાકાંક્ષાથી વધારે શાસ્ત્રની સેવા અને નિર્મળ નિસ્વાર્થ માર્ગદર્શનનો સંકલ્પ જ્યોતિષીને આધ્યાત્મિક ઉંચાઈ પર લઈ જાય છે એવો મારો અંગત અનુભવ છે.

આશા રાખું છું કે જ્યોતિર્જ્ઞાતા મંડળે શુરૂ કરેલા વિદ્યાદાનના જ્ઞાન યજ્ઞને પ્રજ્વલિત રાખવા વૈદિક જ્યોતિષ સંસ્થાનનાં અધ્યાપક મંડળ તથા સંચાલકો ઉમદા યોગદાન આપે છે અને હંમેશા આપતા રહેશે, જ્યોતિષના ફળ કથનમાં સાતત્ય જાળવે અને એમના જ્ઞાન દાનના યજ્ઞની સફળતા માટે મારા શુભાશિષ અને શુભેચ્છા સાથે આશિર્વાદ.

- જ્યોતિષ વિદ શ્રી નિરંજન જોશી



નિકુંજ શેઠ

### પરિશ્રમ કરીને જે પ્રભુને અર્પણ કરી દે છે
### ખરેખર ધૂળમાંથી રત્ન પેદા કરી દે છે.

૧૧ વર્ષ પહેલા અંગ્રેજી ભાષાના પ્રવાહની વિરુધ્ધ દિશામાં માતૃભાષા ગુજરાતીને જીવતી રાખવાનો પરિશ્રમ અમે શરૂ કર્યો. પરંતુ પરિશ્રમ અમે પ્રભુને અર્પણ કરવાની ભાવનાથી શરૂ કર્યો. નિઃસ્વાર્થ, નિશુલ્કભાવે અંગ્રેજી માધ્યમમાં ભણતા વિદ્યાર્થીઓને ગુજરાતી ભણાવવાનું શુરૂ કર્યું.

આજે ૧૧૦ નિઃસ્વાર્થી બહેનો, ભાઈઓ, બાળશિક્ષકો અને ૨૫ વર્ગ રૂપી રત્ન પેદા થઈ ગયું છે. આજે દરેક વર્તમાન પત્રોએ ગુજરાતીને જીવતી રાખવાની વાતને ગંભીરતાથી લીધી છે. અમને દરેક વર્તમાનપત્રોનો સહકાર પણ છે.

જગતમાં દરેક પ્રગતિશીલ દેશો પોતાની માતૃભાષામાં ભણીને જ પ્રગતિને પામ્યા છે. તો ભારતમાં અને ગુજરાતીમાં અંગ્રેજીનું ગાંડપણ શા માટે છે? ઈ.સ. ૧૮૩૫માં ટી. બી. મેકોલે નામના અંગ્રેજે અંગ્રેજી ભાષામાં ભણવું ગૌરવશાળી છે આ વિચાર ઘુસાડ્યો. તેણે તેના પિતાને પત્ર લખ્યો હતો કે ભારતમાં અંગ્રેજી માધ્યમમાં ભણવાથી એક પણ હિન્દુ સાચા હૃદયથી પોતાના ધર્મને અનુસરતો નથી. આમ ખ્રિસ્તી બનાવ્યા વિના જ આપણી વિચારશીલતાને અપનાવતો થશે. આ પત્રની નકલ મારી પાસે છે.

આજે ૧૫૦ વર્ષ પછી આ વાત કેટલી સત્ય લાગે છે. બાળક માતૃભાષા છોડે છે. એટલે માતૃભૂમિ સરળતાથી છોડવા તૈયાર થાય છે. અને અંતે પોતાની માને છોડી દે છે. જેવી રીતે કોઈ એક વાર ચોરી કરે તો બીજી ત્રીજીવાર સરળતાથી કરે છે.

તેમ જે માતૃભાષારૂપી એક મા ને છોડે છે તે બીજી બે મા - માતૃભૂમિ અને સગી મા ને સરળતાથી છોડે છે. જે 'મા' એ પોતાની યુવાનીના ૨૦-૨૫ વર્ષ છોકરાના શિક્ષણ પાછળ ખર્ચી નાખ્યા તે મા જ્યારે બિમાર પડે છે કે મૃત્યુ પામે છે, ત્યારે છોકરાને ફુરસદ નથી વિદેશથી ભારત આવવાની. માટે બાળકોના માતા-પિતા જાગી જાય. સારૂ ધાર્મિક અને શાશ્વત સુખ વાળુ જીવન જીવવું હશે તો ગુજરાતી માતૃભાષા ભણવી જ પડશે.

દરેક મા-બાપે એક મોટી ભ્રાન્તિમાંથી બહાર આવવાનું છે કે અંગ્રેજી માધ્યમમાં ભણવાથી જ બાળકનો સર્વાંગી વિકાસ થાય છે, ના. બાળકને સારા સંસ્કાર મળવાથી તેનો સર્વાંગી વિકાસ થાય છે. સારા સંસ્કાર મા અને માતૃભાષા જ આપી શકે છે.

અમે ૨૫ ગુજરાતી વર્ગોમાં માતૃભાષા શીખવી, ગુજરાતી પંચતંત્ર, હિતોપદેશ, ભક્તચરિત્રની વાર્તાઓ દ્વારા બાળકમાં સદ્‌ગુણ સિંચન કરવાની કોશિશ કરીએ છીએ. કવિતા દ્વારા મીઠાશ, રમત દ્વારા જીવનમાં આગળ નીકળવાની વૃત્તિ અને ધ્યાન દ્વારા ભણેલું સરળતાથી યાદ રાખી શકે તેવી પધ્ધતિ શીખવીએ છીએ.

**"કદમ અસ્થિર હો તેને કદી રસ્તો નથી જડતો, અડગ મનના મુસાફરને હિમાલય પણ નથી નડતો."**

અમે ૨૫ શિક્ષકો અડગ મનના મુસાફર છીએ અને જીંદગીની છેલ્લી ઘડી સુધી ગુજરાતીને ટકાવવાના પૂરા પ્રયાસો કરીશું. દરેકે ૩ થી ૪ બાળકોને પોતાના ઘરે ગુજરાતી શીખવી પ્રભુકાર્ય કરવું જોઈએ. મને ખાત્રી છે જો આ સંકલ્પ લોકો કરશે તો આપણી માતૃભાષા જરૂર જીવતી રહેશે.

## સુખી વિવાહીત જીવન

શાસ્ત્ર ચાર આશ્રમો પ્રમાણે જીવન જીવવાનું કહે છે. સરેરાશ ૮૦ વર્ષનું જીવન હોય તો બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યાસાશ્રમ - દરેક ૨૦-૨૦ વર્ષ જીવવા પ્રયત્ન કરવો જોઈએ. ગૃહસ્થાશ્રમ એ બીજા ત્રણ આશ્રમને સુદૃઢ બનાવે છે. ભણ્યા પછી લગ્ન કરવા એટલે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ.

૧) લગ્ન શા માટે? શાસ્ત્ર લગ્ન કરવાનું કોને કહે છે? કઈ ઉંમરે?
૨) લોકો લગ્નજીવનની તૈયારી કરે છે? શું કરે છે? શું કરવી જોઈએ? કઈ ઉંમરથી થવી જોઈએ?
૩) પ્રેમ લગ્ન કે શાસ્ત્રીય લગ્ન (Arrenge Marriage) કરવા?
૪) શાસ્ત્રીય લગ્નમાં શુભચિંતક (Mediator) અને મા-બાપનો ભૂમિકા શું હોય?
૫) છોકરા-છોકરી એકબીજાને જોવા જાય ત્યારે ઈન્ટરવ્યુમાં શું પુછવું?
૬) પસંદગીથી લગ્ન દિન સુધી શું ધ્યાન રાખવું?
૭) લગ્ન પછીનું એક વર્ષ મહત્વનું.
૮) મૃત્યુપર્યંત લગ્ન જીવન સુખમય કેવી રીતે ટકાવી શકાય?

આવા અનેક પ્રશ્નોના જવાબો મેળવી સુખી વિવાહીત જીવન માણી શકાય છે. આજના યુવાનો પાસે ઉપરોક્ત પ્રશ્નોના જવાબ નથી. માટે જ સમાજમાં લગ્નસંસ્થામાં ખરાબી ઘુસી ગઈ છે. પ્રભુ સર્વે યુવાનોને ઉપરોક્ત પ્રશ્નોના જવાબો મેળવવામાં મદદ કરે.

॥ અસ્તુ ॥

# VEDIC JYOTISH SANSTHAN



Mukundial Bhuta

**Mr. Mukundrai Vithaldas Bhuta** born at Rajula village, Bhavnagar, Gujarat. After his school studies, he ventured to Mumbai with his family.

He cherished for 30 years electricals accessories in the name of 'M/s. Neelesh Electricals'. Mr. Mukundrai Bhuta born on 28th June 1931, married to Mrs Manjula Bhuta having 2 children, daughter Sucha & son Nilesh.

Mr. Nilesh Bhuta completed his graduation & with blessing & full support of his father Mr. Mukundrai, started small company 'M/s. Manali Chemicals'. With good guidance, principles & honest policy of Mr. Mukundrai Bhuta, this family business now expanded their Import & Export business with several countries.

Mr. Mukundrai Bhuta later found 'Manali Foundation' as Charitable Trust during the year 2008. Manali Foundation is registered under 80-G with his family members Mr. Nilesh Bhuta, his daughter-in-law Mrs. Dipti Bhuta & his Grandson Mr. Paritosh Bhuta for the welfare & supporting to the educational need of brilliant & needy students, Medical help as well as helping few needy families.

Mr. Mukundrai Bhuta at the age of 80 yrs, still active & performing above duties to the society with all goods wishes & best efforts.

---




કું.ગીતાબેન કાન્તિલાલ ગાંધી બી.એ. સંસ્કૃત પ્રથમ વર્ગ (ગુજ. યુનિવર્સીટીમાં દ્વિતીય) ગુજરાત યુનિવર્સીટી માર્ચ ૧૯૭૦ નેશનલ સ્કોલરશીપની પ્રાપ્તિ, એમ.એ. સંસ્કૃત પ્રથમ વર્ગ (ગુજ. યુનિવર્સીટીમાં પ્રથમ), ગુજરાત યુનિવર્સીટી માર્ચ ૧૯૭૨ બે સુવર્ણ ચંદ્રકની પ્રાપ્તિ (૧) સંસ્કૃત વિષયમાં યુનિવર્સીટીમાં પ્રથમ સ્થાન માટે (૨) લેંગ્વેજ ગ્રુપ માં યુનિવર્સીટીમાં પ્રથમ સ્થાન માટે, સંસ્કૃત વિષયમાં અધ્યાપિકા ૧૯૭૩ થી શ્રીમતી સી.સી. મહિલા આર્ટસ્ અને શેઠ સી.એન. કોમર્સ કોલેજ, વિસનગર, સંસ્કૃત વિષયમાં અનુસ્નાતક અધ્યાપિકા ૧૯૭૯થી ઉપરોક્ત કોલેજમાં ૨૦૦૫ થી ૨૦૦૭ સુધી ઈન્ચાર્જ પ્રિન્સીપાલ. કોલેજમાં સંસ્કૃત ભાષાના નાટકો તથા એકપાત્રીય અભિનયનું દિગ્દર્શનમાં યુનિવર્સીટી કક્ષાએ પ્રથમ સ્થાન. સંસ્કૃત શિક્ષણની અર્વાચીન પદ્ધતિ કિલષ્ટ અને લગભગ બોધરહિત ગોખણ પટ્ટીવાળી છે, પરંતુ પ્રાચીન પરંપરાની પદ્ધતિ સંપૂર્ણતઃ બુદ્ધિગમ્ય અને તાર્કિક છે. આ માન્યતાના પ્રબળ સમર્થક હોવાને નાતે તેઓ પ્રાચીન પાણિનીય પરંપરાગત પદ્ધતિ દ્વારા સંસ્કૃતને માનવંતું સ્થાન પાછું પ્રદાન કરાવવાના મહાયજ્ઞનો ભગીરથ પ્રયાસ કરી રહ્યા છે. આજે પણ તેઓ પ્રાચીન પાણિનીય પરંપરાગત પદ્ધતિ દ્વારા સંસ્કૃત શિખવાની ઈચ્છા ધરાવનારા લોકોને નિઃશુલ્ક અધ્યાપન કરાવે છે. સન ૨૦૧૧ થી કું. ગીતાબેન ભારતીય વિદ્યા ભવનમાં સંસ્કૃત ક્ષેત્રે સેવા આપે છે. આપણી સંસ્થાના ગુરુ પૂર્ણિમા સમારોહના માનવંતા મહેમાન બનવાનું આમંત્રણ સ્વિકારવા બદલ આભાર વ્યક્ત કરે છે.

# VEDIC JYOTISH SANSTHAN



શ્રીમતી સ્મિતાબેન આર. પાઠક અનાવીલ બ્રાહ્મણ કુટુંબમાંથી આવેલ છે, એમણે એમ.એ. તથા એમ.ઈડી. કરેલ છે. તેમના જીવનનો મુદ્રાલેખ છે કે શાળા એ મંદિર છે તથા શિક્ષણ આપવું એ પુજા–આરાધના છે, તેઓ લગભગ ૧૮ વર્ષ સુધી શિક્ષીકા તરીકે સેવા આપી ચુકયા છે. વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી એમને આગળ વધતા જોઈ ગર્વ અનુંભવે છે, એમનું જીવન ધ્યેય છે કે દેશનું દરેક બાળક–બાલીકા શિક્ષીત હોય, શિક્ષણ નો પ્રકાશ સર્વત્ર ફેલાય, શિક્ષા ક્ષેત્રે ૧૮ વર્ષની સેવા આપ્યા બાદ તેઓ સરકારના એજ્યુકેશન ઈન્સ્પેક્ટર (શિક્ષણ ક્ષેત્રે તપાસ કર્તા) તરીકે ૬ વર્ષ સેવા આપી, આ દરમ્યાન તેઓને વિદ્યાર્થીઓની સમસ્યાઓનો સારો એવો અનુભવ થયો અને તેમની ઉત્કૃષ્ઠ સેવા તથા અનુભવને કારણે સરકાર દ્વારા મોટી જવાબદારી આપવામાં આવી જે (શિક્ષણ વ્યવસ્થા) એજ્યુકેશન સુપરીટેન્ડટ તરીકે ની તી અહીં તેમણે પોતાની કાર્ય સાધકતા, કાર્ય સમતા, સમર્થતાનો ઉત્કૃષ્ઠ પરીચય આપ્યાબાદ નિવૃત્ત થયા, પરંતુ બીજા લોકોની જેમ નિવૃત્તિ બાદ શાંત બેસવું એમના સ્વભાવમાં ન હોવાને કારણે ફરી શિક્ષણ ક્ષેત્રમાં સેવા માટે બોરિવલી ની બાજુ તરફ રહેલી જયાબેન ખોત હાઈસ્કુલ ખાતે એજ્યુકેશન ડિરેક્ટર તરીકે ની સેવા માં પ્રવૃત્ત થઈ ગયા, તે ઉપરાંત તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયના મહીલા વિભાગમાં કાર્યરત રહે છે, તે ઉપરાંત તેઓ કુમારીકાઓ તથા યુવતીઓના સુધારા, પ્રગતી, શિક્ષણના લાભાર્થે કાર્ય કરનારી સંસ્થાના પ્રમુખ પદની જવાબદારી પણ સંભાળે છે, વૈદિક જ્યોતિષ સંસ્થા તેમની આ સેવા મય સફરમાં હમેંશા આગળ વધવાની શુભેચ્છા આપે છે અને ઈશ્વર તેમને આ કાર્યમાં હંમેશા આગળ વધવાની શક્તિ પ્રદાન કરે છે અને આપણી સંસ્થાના ગુરૂ પૂર્ણિમા સમારોહ ના માનવંતા મહેમાન બનવા નું આમંત્રણ સ્વિકારવા બદલ આભાર વ્યક્ત કરે છે.

## *Well Wishers*




Bhaskar Joshi




Ashwin Joshi



Apurva R. Parekh
Graphic Designer




Jayesh Desai
Souvenir Editor




Hitendra Shah



Kamlesh Gandhi



Mukesh Mehta



Arvind Makwana

સત્ય અને અહિંસા એ દરેક વ્યક્તિની આંતરિક શક્તિનું પ્રતીક છે.

## VEDIC JYOTISH SANSTHAN



**Website : www.vedicjyotishsansthan.com**

---

## *Winner of the Silver Medal for Excellence*



**Sapna Pandya**
Vedic Hastrekha Vignata
1st Year



**Meena B. Randeria**
Vedic Jyotish Pravesh
1st Year



**Sangita H. Mamtora**
Vedic Vastu Pravesh
1st Year



**Deepti Teli**
Vedic Jyotish Bhushan - 2nd Year
Vedic Vastu Bhushan - 2nd Year



**Hiren Bhavsar**
Vedic Jyotish Martand
3rd Year



**Rajesh S. Mistry**
Vedic Swargyan Gnyata

ત્રણ વસ્તુને વેડફો નહિં - સમય, પૈસો અને યુવાની.


# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - FIRST YEAR - MONDAY


Anil D. Bhanushali



Anshu S. Desai



Aarti Udani


Ashwin N. Thakkar



Bipin V. Bhatt


Deepak T. Gohil


Hardik J. Vyas


Haresh Trivedi


Hemlata Sampat



Jitendra Dave


Jitendra M. Rajguru


Kalpesh S. Patel


Kamlesh J. Modi


Kedar Bhatt


Kishore Gidwani



Mahesh Shah


ઈર્ષ્યા એવો અગ્નિ છે, જે જીવતા માણસને બાળે છે.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - FIRST YEAR - MONDAY


Minakshi K. Vyas



Mukesh Thakar


Naresh M. Shah



Nehal J. Bhatt


Nidhi A. Mehta


Nilesh C. Joshi


Nimesh P. Bhatt


Nita Thakkar


Parag S. Gohil



Prakash M Parmar


Pritesh D. Rajgor


Ravi B. Shukla


Sagar B. Bhatt


Shreyashree D. Patil



Sukesh Shah


Tejas Thakkar


સુખમાં જે બીજાને સાચવે તે જ દુઃખમાં સચવાય.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - FIRST YEAR - MONDAY



Vaibhav G. Jani



## OUR ARDENT STUDENTS - FIRST YEAR - SATURDAY



Alka N. Makwana




Avani M. Joshi



Barkha D. Aacharya



Bhaduri R. Rana



Bharat K. Ganatra



Bharti N. Shah



Bhavana K. Vyas




Chandan P. Shah



Chandrakant Talati



Deepak Desai



Dilip B. Jani



Dina K. Desai

કોઈનો સ્નેહ ક્યારેય ઓછો નથી હોતો, આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે.


## VEDIC JYOTISH SANSTHAN


### OUR ARDENT STUDENTS - FIRST YEAR - SATURDAY


Hetal V. Limbachiya



Hetsvini N. Oza


Hitesh B. Parekh


Janak K. Pandya


Jashmin D. Shah



Jignesh J. Parekh



Kalindi D. Trivedi


Kamlesh K. Patel


Kishor R. Patel


Krina R. Savla


Kunal Vyas


Mahesh R. Nagrecha


Mamta M. Valya


Manali V. Suratwala


Mandakini R. Patel


Meghna Chhabria

જે વ્યક્તિ પરમાત્માને દિલ આપે છે, પરમાત્મા એને દિલ દઈને આપે છે.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - FIRST YEAR - SATURDAY



Mona C. Shah



Narendra M. Shah



Nayna J. Kothari



Neeta D. Desai



Nisha R. Sheth



Parul Desai



Parul Mehta



Parul P. Mota



Piyush A. Mehta



Rajesh D. Mistry



Rajesh I. Shah



Rasendu C. Bhatt



Rashmi K. Master



Rina H. Shah



Rupa D. Bhuta



Seema J. Bhatt

શાંતિની ઈચ્છા હોય, તો પહેલાં ઈચ્છાની શાંતિ કરી દો.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - FIRST YEAR - SATURDAY


Smita M. Joshi


Snehal J. Parekh


Sonal J. Bhatt


Urmila C. Kanthariya


Usha C. Kapadia


Usha M. Limbachiya



Vaishali Bhanushali


Varsha Madia


Vijay B. Bharwad


Vijaya K. Joshi


Vinod J. Mehta


Vipul H. Shah

## OUR ARDENT STUDENTS - FIRST YEAR - SUNDAY


Ami H. Vyas


Anita M. Limbachiya


Ashok N. Shah


Bharirti P. Singhvad

માતાની છાયા અને પિતાની છત્રછાયા એ તો બાળકના જીવનમાં અનેરી માયા.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - FIRST YEAR - SUNDAY



Bhavana R. Parmar




Bhavesh Joshi



Bipin H. Bhandare




Devana C. Mehta



Dhananjay N. Shah




Dharmesh Patel



Dilip P. Savla




Durgaprasad Rai



Ganesh P. Thorat



Hetal B. Shah




Himanshu Vyas



Jayesh Bhatia



Jayshri A. Jolapara



Jignesh C. Chavda



Jill M. Mehta



Jyoti M. Bhatia

માતાની મમતા ને પિતાનો પ્રેમ, આ જીવનભર વિસરાય કેમ !

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - FIRST YEAR - SUNDAY



Kamlesh C. Vakharia



Khilav R. Khorasia



Komal M. Limbachiya




Kunal V. Raval




Kunjal M. Vira



Mahesh C. Vira




Manish R. Mehta



Mayank D. Sangani



Mona C. Bajaria



Mukund K. Sangani




Nirmala K. Choradia



Nitin I. Bhatt



Pankaj N. Garasia



Parag Gandhi



Prashant B. Pandya



Pratima B. Pandya


આપણે જ આપણા નસીબનું ઘડતર કરીએ છીએ અને તેને ભાગ્યનું નામ આપીએ છીએ.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - FIRST YEAR - SUNDAY


Pravin H. Mehta


Pravina V. Panchal


Rajendra M. Lal


Rashmikant G. Parikh



Rekha Surti


Sangeeta R. Punamiya


Shailesh V. Mehta


Shomita M. Bilaney


Surendra K. Tripathi



Swapnil Kotacha


Tejas Jain


Urvi P. Vyas


Vimal H. Gandhi



Yogesh P. Kansara





ભાગ્ય સંયોગાનુંયોગ નહિ, પોતાની પસંદ કરેલી બાબત છે. એ પ્રતીક્ષા કરવાની નહીં પ્રાપ્ત કરવાની ચીજ છે.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - SECOND YEAR - MONDAY


Anil Abhani


Bhautesh Joshi


Jignesh Dhruve


Minal Dixit


Sapna Pandya


Shailesh C. Dave


Shubhada Pawar




## OUR ARDENT STUDENTS - SECOND YEAR - SATURDAY


Bhavna K. Dhami


Chaitali K. Dhami



Charulata R. Purohit


Devyani H. Bhatia


Hasmukh Bhuptani


Heena V. Oza


Kunal B. Shah


Mangesh Vaja

## VEDIC JYOTISH SANSTHAN

### OUR ARDENT STUDENTS - SECOND YEAR - SATURDAY


Meena K. Purani


Meena V. Jagad


Meenaben B. Ranceria


Navin J. Chavda


Nirmakshi Pariawala


P. V. Subbarao


Pravinchandra L. Shah


Rajul R. Mehta



Ramesh K. Raval


Ramila R. Vadhan


Sangeeta U. Bhatt


Varsha D. Raval


Veena A. Merjaria


Vijay P. Jagad



Vishvaben Magia (Shah)




નસીબ સારૂં હોય તો ધૂળનું સોનું બની જાય છે.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - SECOND YEAR - SUNDAY


Aditya P. Jain


Brijesh D. Oza


Chandrakant R. Kadia



Chetan B. Pandya


Darshit Vora


Jayesh H. Waghela


Jaynarayan Rushi


Ketan Kansara


Madan V. Bhatia


Nilesh K. Jani


Poonam C. Ganatra


Pradip V. Joshi


Pravinchandra Mewada


Rupesh J. Mota



Sangeeta Namtora


Vinita P. Pandey


નસીબથી ધનવાન બની શકાય પણ બુદ્ધિશાળી ન બની શકાય.

# VEDIC JYOTISH SANSTHAN

## OUR ARDENT STUDENTS - SECOND YEAR - SUNDAY


Vipul V. Gala


Viral M. Mehta



## OUR ARDENT STUDENTS - THIRD YEAR - SATURDAY



Arjali C. Goradia


Harsha J. Prajapati


Heena B. Vasani


Jaya R. Shah



Jayshree J. Gadani


Manish Shah


Prafulchandra A. Shah


Sadhana Master


Vatsala Doshi



ભાગ્ય સજ્જનનું મિત્ર, બુદ્ધિમાનનું પથદર્શક અને મુર્ખ માટે અત્યાચારી તેમ જ દુર્જનનું શત્રુ હોય છે.

# VEDIC JYOTISH SANSTHAN


## OUR ARDENT STUDENTS - THIRD YEAR - SUNDAY



Chirag Gandhi



Deepti Teli




Harilal V. Malde



Komal V. Shah




Keyuri Desai




Mayur P. Vora



Minaxi Bhatt




Rajesh Mistry



Rohit R. Shah



Suiyakumar Mishra



નસીબના ભરોસે બેસી રહેશો તો તકને ક્યારેય નહિ ઓળખી શકો.

## नक्षत्र ज्ञान माला

अश्विनि भरणी पद चार
कृतिका एक चरण है मेष ।
कृतिका तिन रोहिण्ये चार
दो पद मृग वृषभ विचार ।
मृग दो पद आर्द्रा चार
तिन पुर्नवसू मिथुन विचार ।
एक पुर्नवसू पष्य श्लेष
जानिये कर्कट राशि विषेश ।
मधा पूर्वा उत्तर पद एक
सिंह राशिका करो विवेक ।
उत्तरा तिन सकल पद हस्त
दो पद चित्रा कन्या जानो ।

दो पद चित्रा स्वाति चार
तिन विशाखा पद है तुल ।
एक विशाखा अनुराधा चार
ज्येष्ठा पूर्ण है वृश्चिक विचार ।
मूल पूर्वा उत्तरा पद एक
धनु राशिका करो विवेक ।
उत्तरा तिन श्रवण पद चार
दो धनिष्ठा मकर विभेद ।
दो धनिष्ठा शतभिष चार
पूर्वा तिन पद कुम्भ निर्धार ।
पूर्वा एक उत्तरा चार
सकल रेवति मीन विचार ।

## तिथि दोहा

प्रतिपदा एकादशी षष्ठी नन्दा जान।
दूज सप्तमी द्वादशी भद्रा मान।
तृतीया अष्टमी त्रयोदशी जया जान।
चौदशी चौथ नवमी येतो है रिक्ता मान।
पंचदशी पंचमी तथा दशमी है पूर्णा मान।
सब तिथियोके नाम सम जानो फल परिणाम।

**VEDIC JYOTISH SANSTHAN**

# વૈદિક જ્યોતિષ સંસ્થાન (રજીસ્ટર્ડ)

રજી. પત્રવ્યવહારનું સરનામું :
ક્રિષ્ણા કલેક્શન, ૧૭૫/૪૩ ડી, સેક્ટર ૧, ચારકોપ, કાંદીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.
મોબાઈલ : ૯૩૨૨૨૬૧૭૦૦ / ૯૬૧૯૫૦૬૮૯૬ • ઈમેલ : vjtvv1@gmail.com

---

## જ્યોતિષના નિઃશુલ્ક વર્ગો

**ગુજરાતી માધ્યમમાં હસ્તરેખા, જ્યોતિષ, વાસ્તુ અને સ્વરજ્ઞાનના વર્ગોમાં પ્રવેશ**
**જાન્યુઆરી થી બોરીવલી અને મલાડ ખાતે**

૧. પ્રથમ વર્ષ- **વૈદિક જ્યોતિષ પ્રવેશ.**

૨. દ્વિતીય વર્ષ- **વૈદિક જ્યોતિર્ભૂષણ.**

૧. પ્રથમ વર્ષ- **વૈદિક વાસ્તુપ્રવેશ**

૧. **વૈદિક સ્વરજ્ઞાન જ્ઞાતા**

૧. પ્રથમ વર્ષ- **વૈદિક હસ્તરેખા વિજ્ઞાતા**

૩. તૃતિય વર્ષ- **વૈદિક જ્યોતિષમાર્તંડ**

૨. દ્વિતીય વર્ષ- **વૈદિક વાસ્તુભૂષણ**

૪. ચતુર્થ વર્ષ- **સ્વાધ્યાય**

**નોંધ :**
**ભાષાનું જ્ઞાન ધરાવતા કોઈ પણ ઉંમરના ભાઈઓ તથા બહેનો પ્રવેશ મેળવી શકે છે.**

***શાસ્ત્રમાં જ્ઞાન દાનને શ્રેષ્ઠ દાન કહેવાયું છે જે આ સંસ્થાનું એકમાત્ર ધ્યેય છે.***

મહાન માનવીની પ્રથમ કસોટી વિનમ્રતા છે.

*We are grateful to the Trustees, Committee and Management of the following Institutions for permitting us to utilize their premises for conducting our classes.*

1. **Sheth M.K.E.S. English High School, Malad (W)**
2. **Aacharya Narendra Dev Viydamandir, Borivali (W)**

*We are grateful to the Newspaper and advertisers for their best co-operation and support.*

- ★ **Janmabhoomi**
- ★ **Divya Bhaskar**
- ★ **Mumbai Samachar**
- ★ **Gujarat Samachar**
- ★ **Mid Day Gujarat**

# (ૐ) મંગલા ચરણ (ૐ)

## ॥ શ્રવણના આરંભનું મંગલાચરણ ॥

ॐ सत्यं ज्ञानमनंतं यन्निष्कलं निष्क्रियं परम् ।
अद्वितीयं निर्विशेषं ब्रह्म तत्समुपास्महे ॥१॥

જે સ્તયરૂપ, જ્ઞાનરૂપ, અનંત, પ્રાણાદિ લ્કલાઓથી રહિત, ક્રિયાથી રહિત, માયાથી રહિત, સૂક્ષ્મને વ્યાપક, દ્વૈતથી રહિત, અને નામાદિ વિશેષથી રહિત બ્રહ્મ છે તેનું અમે સારી રીતે ધ્યાન કરીએ છીએ. (૧)

शंकरं शंकाराचार्यं केशवं बादरायणम् ।
सूत्रभाष्य कृतौ वन्दे भगवन्तौ पुनः पुनः ॥२॥

વિષ્ણુરૂપ ભગવાન વ્યાસ અને મહેશ્વરરૂપ શ્રી શંકરાચાર્ય જેઓ બ્રહ્મસૂત્રના ને શારીરિક ભાષ્યના કર્તા છે તે બંને ઐશ્વર્યાદિવાળાઓને હું વારંવાર નમું છું. (૨)

अज्ञान तिमिरांधस्य ज्ञानांजनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥३॥

અજ્ઞાનરૂપ અંધારાવડે આંધળા થયેલાની અંતઃકરણરૂપ આંખો જેમણે જ્ઞાનરૂપ આંજણની સળીવડે ઊઘાડી તે શ્રીગુરૂને મારા પ્રણામ હો. (૩)

ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्तिं,
द्वंद्वातितं गगनसदृशं तत्वमस्यादिलक्ष्यम् ।
एकं नित्यं विमलमचलं सर्वधीसाक्षीभूतं,
भावातीतं त्रिगुणरहितं सद्गुरुंतं नमामि ॥४॥

જે બ્રહ્મરૂપ આનંદવાળા, શિષ્યોને પરમ સુખ આપનારા, અવિદ્યાથી રહિત, જ્ઞાનરૂપ, સર્વદ્વંદ્વોથી પર, આકાશના જેવા નિર્લેપ, તે તું છે. ઈત્યાદિ મહાવાક્યોના લક્ષ્યાર્થરૂપ, એક ત્રણે કાલમાં રહેનારા, સર્વપ્રકારના મેલથી રહિત, ચલાયમાનપણાથી રહિત, સર્વ પ્રાણીઓની બુદ્ધિના સાક્ષિરૂપ, છ પ્રકારના ભાવવિકારોથી પરને ત્રણ ગુણોથી રહિત છે તે સદ્ગુરૂનેં નમું છું. (૪)

લીંબડાના આનંદાશ્રમ મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ

# સમાપ્તિ મંગલા ચરણ

## ॥ શ્રવણની સમાપ્તિનું મંગલાચરણ ॥

नमस्ते सते ते जगत्कारणाय, नमस्ते चिते सर्वलोकाश्रयाय ।
नमोऽद्वैततत्त्वाय मुक्तिप्रदाय, नमो ब्रह्मणे व्यापिने शाश्वताय ॥१॥

સત્યરૂપ આપને પ્રણામ, જગત્‌ના કારણરૂપ આપને પ્રણામ, જ્ઞાનસ્વરૂપ અને સર્વ લોકના આશ્રયરૂપ એવા આપને પ્રણામ, અદ્વૈતતત્ત્વરૂપને મોક્ષ આપનારને પ્રણામ, વ્યાપક અને શાશ્વત બ્રહ્મને પ્રણામ. (૧)

त्वमेकं शरण्यं त्वमेकं वरेण्यं, त्वमेकं जगत्पालकं स्वप्रकाशम् ।
त्वमेकंजगत्कर्तृपातृप्रहर्तृ, त्वमेकं परं निश्चलं निर्विकल्पम् ॥२॥

એક આપ શરણ ગ્રહણ કરવા યોગ્ય છો, એક આપ શ્રેષ્ઠ છો, એક આપ સંસારના પાલનારા ને સ્વયંપ્રકાશ છો, એક આપ માયાથી પર, અચલ ને સર્વ વિકલ્પોથી રહિત છો. (૨)

भयानां भयं भीषणं भीषणानाम्, गतिः प्राणानां पावनं पावनानाम्।
महोच्चैः पदानां नियन्तृ त्वमेकं, परेषां परं रक्षणं रक्षणानाम् ॥३॥

ભય ઉપજાવનારાઓના ભયરૂપ, ભયંકરોના બચકરૂપ, સર્વ પ્રાણીઓની ગતિરૂપ, પવિત્ર કરનારાઓને પવિત્ર કરનાર, એક આપ ઘણા ઉચ્ચ પદોમાં રહેલાઓને નિયમમાં રાખનારા, આકાશાદિ પર રહેલાથી પર રહેલા, ને રક્ષણ કરનારાઓનું રક્ષણ કરનારા છો. (3)

श्रुतिस्मृतिपुराणानामालयं करुणालयम् ।
नमामि भगवत्पादं शंकरं लोकशंकरम् ॥४॥

શ્રુતિ સ્મૃતિને પુરાણોના રૂપને ને દયાના પણ ઘરરૂપ તથા લોકોનું કલ્યાણ કરનારા ને જેમના ચરણમાં ઐશ્વર્યાદિ રહ્યા છે એવા શ્રી શંકરાચાર્યને હું નમું છું. (૪)

સૌજન્ય આનંદાશ્રમ મુમુક્ષુ મંડલ ટ્રસ્ટ

## -: અંગ્રેજી મીડીયમમાં બાળકોને મૂક્યા હોય તો આ વાંચો :-

મેં ભારતદેશના ઉત્તરથી દક્ષિણ અને પૂર્વથી પશ્ચિમના વિસ્તીર્ણ વિસ્તારોનું પરિભ્રમણ કર્યું છે. આ દેશ એટલો સમૃધ્ધ છે અને તેની પ્રજાનું નૈતિક મૂલ્યોનું સ્તર એટલું ઉન્નત છે કે મેં દેશમાં કોઈ નાગરિક એવો ન જોયો કે જે ભિક્ષુક હોય કેજે ચોર હોય. હું નથી ધારતો કે આવા ઉત્કૃષ્ટ નૈતિક મૂલ્યવાન દેશને આપણે ક્યારેય પણ જીતી શકીએ. સિવાય કે આ દેશની આધ્યાત્મિકતા અને સાંસ્કૃતિક વારસો કે જે રાષ્ટ્રની કરોડરજ્જુ સમાન છે તેનો આપણે નાશ કરી શકીએ.

અને આથી હું દરખાસ્ત કરું છું કે આપણે તેની ગૌરવસમી સદીઓ પુરાણી પ્રાચીન શિક્ષણ પ્રણાલી અને તેની સાંસ્કૃતિક પ્રથાઓને મૂળથી જ બદલીએ કે જેના પરિણામે હિન્દુસ્તાનીઓ માનતા થાય કે જે કંઈ વિદેશી છે અને ઇંગ્લીશ છે તે તેમના કરતા વિશેષ સારૂં છે અને મહાન છે અને આ કારણે તેઓ પોતાની ઓળખ તેમજ આત્મગૌરવ ગુમાવશે. પોતાનું નિજી સાંસ્કૃતિક સ્વરૂપ ગુમાવશે અને તેઓ એવા નાગરિકો બની જશે કે " જેવા આપણે તેમને ઇચ્છીએ છીએ."
(કાળા અંગ્રેજો-સ્વૈચ્છિક ગુલામો)

એ ખરા અર્થમાં આપણા આધિપત્યવાળું ગુલામ રાષ્ટ્ર બની રહેશે.

આપણને ઇતિહાસ(કે ઉંઠા) એવો ભણાવાયો કે આપણે અંધકાર યુગમાં જીવતા હતા.

---

કલકત્તા, ઓક્ટોબર ૧૨, ૧૮૩૬

પરમ પ્રિય પિતાજી !

આપણી શાળાઓ ખૂબ સરસ રીતે ઉન્નતિ કરી રહી છે. હિન્દુઓ પર આ શિક્ષણનો પ્રભાવ અદ્ભુત થયો છે. અંગ્રેજી શિક્ષણ મેળવ્યું છે એવો એક પણ હિન્દુ એવો નથી જે સાચા હૃદયથી પોતાના ધર્મને અનુસરતો હોય. થોડા એવા છે જે નીતિના વિચારથી પોતાને હિન્દુ કહે છે અને કેટલાક ખ્રિસ્તી બની રહ્યા છે. એ મારો વિશ્વાસ છે કે જો આપણી આવી જ શૈક્ષણિક નીતિ ચાલતી રહેશે તો અહીંની સન્માનિત જાતિઓમાં આગામી ત્રીસ વર્ષોમાં એક પણ એવો બંગાળી બાકી નહીં બચ્યો હોય જે મૂર્તિપૂજક હોય. આ એમને ખ્રિસ્તી બનાવ્યા વિના જ થઈ જશે. એમના ધર્મમાં હસ્તક્ષેપ કરવાની આવશ્યકતા પણ નહીં રહે. આપણું (અંગ્રેજી) જ્ઞાન અને વિચારશીલતા વધારવાથી એ કામ આપમેળે થી જશે. આવી સંભાવના પરમને અત્યંત પ્રસન્નતા થઈ રહી છે.

વાંચવા પછી તમારૂં સ્વાભિમાન શું કહે છે ?

આપનો પ્રિય
**ટી. બી. મેકોલ**

# શનિની પનોતીની માહિતી

દરેક માણસને પનોતી બે રીતે આવે છે. તેમાં સાડા સાત વર્ષની મોટી પનોતી અને અઢી વર્ષની નાની પનોતી હોય છે.

પોતાની જન્મ રાશિથી કે નામ રાશિથી ગણતાં શનિ જ્યારે બારમી રાશિમાં આવે ત્યારે શનિની સાડા સાત વર્ષની મોટી પનોતીનો પ્રથમ અઢી વર્ષનો તબક્કો શરૂ થાય છે. શનિ એક રાશિમાં અઢી વર્ષ સુધી પરિભ્રમણ કરે છે તેથી પ્રથમ તબક્કો મસ્તક પરથી પસાર થાય છે.

પોતાની જન્મ રાશિ કે નામ રાશિ ઉપરથી શનિ પસાર થાય ત્યારે પનોતીનો બીજો તબક્કો શરૂ થાય છે જે શરીરના ધડ ઉપરથી, મન ઉપરથી પસાર થાય છે.

પોતાની જન્મરાશિ કે નામની રાશિથી ગણતાં શનિ જ્યારે બીજી રાશિમાંથી પસાર થાય ત્યારે ત્રીજો અને છેલ્લો અઢી વર્ષનો તબક્કો પગ પરથી પસાર થાય છે. આમ શનિની સાડાસાત વર્ષની પનોતી પૂર્ણ થાય છે.

પોતાની જન્મરાશિથી ગણતા શનિ જ્યારે ચોથી કે આઠમી રાશિમાં પ્રવેશે ત્યારે અઢી વર્ષની નાની પનોતી શરૂ થાય છે.


પનોતીના પાયા પ્રમાણે ફળ મળે છે તે નીચે મુજબ છે :-

| ક્રમ | પાયો | ફળ | શનિ જે દિવસે રાશિ બદલે તે દિવસે ગોચર ચંદ્ર જન્મ કે નામ રાશિથી |
|---|---|---|---|
| ૧ | સોનાનો પાયો | કષ્ટ પીડા કરાવનારું હોય છે. | ૧ - ૬ - ૧૧ મે |
| ૨ | ચાંદીનો પાયો | શુભ ફળ મળે છે | ૨ - ૫ - ૯ મે |
| ૩ | તાંબાનો પાયો | શુભ ફળ મળે છે | ૩ - ૭ - ૧૦ મે |
| ૪ | લોખંડનો પાયો | કષ્ટ પીડા અશુભ ફળ મળે છે | ૪ - ૮ - ૧૨ મે |

શનિની સાડાસાત વર્ષની પનોતીને વિભાજીત કરી શરીરમાં ક્યાં, કેટલા દિવસ રહે તે પ્રમાણે મળતું ફળ નીચે મુજબ છે :-

| પનોતીના દિવસ | શરીરમાં સ્થાન | ફળ |
|---|---|---|
| ૧) શનિની પનોતી શરૂ થાય તે તારીખથી ૧૦૦ દિવસ | મુખમાં | હાનિ |
| ૨) પછીના ૪૦૦ દિવસ | દક્ષિણ ભુજા | વિજય |
| ૩) પછીના ૬૦૦ દિવસ | ચરણોમાં | વિદેશ યાત્રા, પ્રવાસ |
| ૪) પછીના ૫૦૦ દિવસ | પેટમાં | લાભ |
| ૫) પછીના ૪૦૦ દિવસ | વામ ભૂજા | દુઃખ |
| ૬) પછીના ૩૦૦ દિવસ | મસ્તક પર | રાજ્યપદ |
| ૭) પછીના ૨૦૦ દિવસ | આંખમાં | સુખ |
| ૮) પછીના ૨૦૦ દિવસ | ગુદામાં | દુઃખ |
| કુલ ૨૭૦૦ દિવસ | | |

**- બીના જોશી**



अश्विनी कुचला झेरकुचला 1
भरणी आवला आमलुका 2
कृतिका उंबरा 3
रोहिणी झामुन 4
मृगशीर्ष खेर 5
आर्द्रा अगरचंदन 6
पुनर्वसु 7 बाँस
पुष्य 8 पीपल
आश्लेषा 9 नागचंपा
10 मघा वरगद
पूर्वा 11 फाल्गुनी पलाश
12 उत्तरा फाल्गुनी पींपळ
13 हस्त पीली जुई सागरगोटा
14 चित्रा बेल
15 स्वाति अर्जुन क्षीरा
16 विशाखा विकंत, बबुल विकळो
17 अनुराधा बकुल बोरसली, नागकेशर
18 ज्येष्ठा लोध्र, शिमळा
19 मूल सर्ज, राळ, गरमाळो
पूर्वाषाढा 20 वेत, नेतर
उत्तराषाढा 21 कटहल फणस स्थळवेतस
श्रवण 22 आंक, आकडा
धनिष्ठा 23 खेजडा, शमी
शततारका 24 कदम्ब
पू. भाद्रपद आम 25
उ. भाद्रपद नीम, अरीठो 26
रेवती महुडा 27
मेष गरमाळा, आवला, अर्जुन 1
वृषभ बोरसल्ली, गुलमहोर, 2 शिरीष
मिथुन नीन, पीपल, चंपा 3
कर्क अशोक, 4 खेर, नीम
सिंह पीपल, 5 आशोपला पिपर
कन्या 6 पीपल, अरडुसी, बीली
7 तुला बोरसल्ली, मीठीआवल, गुलमहोर
वृश्चिक 8 खाखरा, पलाश, गूगल, नागोड
धनु 9 देशी आम, वरगद, शेमळा
मकर खीजडा, 10 रुखडा, वरगद
कुंभ कदम्ब, 11 गरमाळा, खीजो
मीन बीली, महुडा, 12 वहेडा
सूर्य बीली, आसोपालव, पीपल, 1 गोख
चंद्र खेर, उंबरा, जामुन, 2 जीरु
मंगल अनंतमूळ, पलाश, 3 खीजडा, रुखडो, शोंपाथरी
बुध 4
5 गुरु
6 शुक्र
7 शनि त्रिफुलो, शमी, राज, पृश्निपर्णी
8 राहू पीपल, श्वेतचंदन, खीजडा, अधेडो
केतू अश्वगंधा, नीम, अर्जुन, 9 इमली, चंदन

# વૃક્ષો તથા વૃક્ષોના મૂળ દ્વારા રાશિ ગ્રહો અને નક્ષત્રોના દોષોનું નિવારણ

અહીં આપેલા ચિત્ર અનુસાર આપણે જીવનમાં આવતા રાશિના ગ્રહોના તથા નક્ષત્રોના દોષોનું નિવારણ લાવી શકાય છે. આમ તો શાસ્ત્રોમાં કહેવાયું છે કે દરેક મનુષ્યે જીવનમાં ઓછામાં ઓછું એક વૃક્ષ વાવવું તથા એનું જતન કરવું જોઈએ અને વાત પણ સાચી જ છે. આપણે જે શ્વાસ લઈએ છીએ એમાં વૃક્ષોનો મહત્વનો ફાળો છે. નાના બાળકો પણ જાણે છે કે દિવસે વૃક્ષો વાતાવરણમાંથી કાર્બનડાયોક્સાઈડ શોષી ઓક્સીજન પૂરો પાડી ખુબજ સહાયભૂત થાય છે, જેથી કરીને સામાન્ય સંજોગોમાં પણ દરેક વ્યક્તિ દૈનિક ૨૧,૬૦૦ શ્વાસ લેવાતા હોય છે. આમાંથી દિવસના અને રાત્રિના ૧૦,૮૦૦ છુટા પાડીયે તો દિવસ દરમ્યાન ૧૦,૮૦૦ ગુણ્યા ૧૨૦ જે પૂર્ણ આયુષ્ય દરમ્યાન ૧૨,૯૬,૦૦૦ શ્વાસો (રાત્રીના ૧૨,૯૬,૦૦૦ શ્વાસો છોડી) લેવાતા હોય તો ઋણ ચુકવવાની વાત તો દૂર છતાં જીવનમાં ઓછામાં ઓછું એક વૃક્ષ વાવવું તથા એનું જતન કરવું જરૂરી બની જાય છે. આપણે પ્રકૃતિ પાસે કેટલું લઈએ છીએ અને સામે આપે કેટલું? આ તો થઈ સામાન્ય વાત.

પૂર્વ વૈદાચાર્યો વનસ્પતીઓ જોડે એટલું તાદ્દમ્ય સાધી શકતાં કે વનસ્પતીની શોધમાં નીકળતાં ત્યારે વનસ્પતી જોડે વાર્તાલાપ પણ સાધી શકતાં. અહીં આપણે વનસ્પતીનાં દેવતા ધન્વન્તરી દેવતાને મધ્યમાં રાખી સૌપ્રથમ ગ્રહોનાં વૃક્ષો, ત્યારબાદ રાશિનાં વૃક્ષો તથા નક્ષત્રનાં વૃક્ષોનો નામ અને તેના મંત્ર દ્વારા આજે પણ ફળો મેળવી શકીએ છીએ. પરંતુ દરેક વ્યક્તિએ જો પોતાના જન્મ નક્ષત્રને દિવસે તે જ નક્ષત્રનું વૃક્ષ વાવ્યું હોય તો તેને સારામાં સારૂં પરીણામ તો મળે જ છે સાથે-સાથે કુદરતને મદદરૂપ થવાનું પુણ્ય પણ મેળવી શકે છે અને જાતકે પોતે વાવેલું વૃક્ષ હોય તો તે તેને નિત્ય યાદ કરીને જીવનમાં સુખ, સમૃદ્ધિ, શાંતિ, આરોગ્ય, ધન, ધાન્ય તથા સૌભાગ્યની કામના અર્થે પોતાની ચંદ્રરાશિ, લગ્નરાશિ, જન્મનું નક્ષત્ર, નડતા ગ્રહોને લગતા વૃક્ષો વાવી તેનું નિયમીત જતન કરી યોગ્ય શુભ પરિણામ મેળવી શકાય છે. અથવા જેતે વૃક્ષોના મૂળીયાને અભીમંત્રીત કરી ધારણ કરવાથી પણ ઉચીત પરિણામો મેળવી શકાય છે.

| ગ્રહોનો મંત્રો | |
|---|---|
| ગ્રહો | મંત્રો |
| સૂર્ય | ૐ હ્રાં હ્રીં હ્રૌં સઃ સૂર્યાય નમઃ |
| ચંદ્ર | ૐ શ્રાં શ્રીં શ્રૌં સઃ સોમાય નમઃ |
| મંગળ | ૐ ક્રાં ક્રીં ક્રૌં સઃ ભૌમાય નમઃ |
| બુધ | ૐ બ્રાં બ્રીં બ્રૌં સઃ બુધાય નમઃ |
| ગુરૂ | ૐ ગ્રાં ગ્રીં ગ્રૌં સઃ ગુરૂવેય નમઃ |
| શુક્ર | ૐ દ્રાં દ્રીં દ્રૌં સઃ શુક્રાય નમઃ |
| શનિ | ૐ પ્રાં પ્રીં પ્રૌં સઃ શનૈશ્ચરાય નમઃ |
| રાહુ | ૐ ભ્રાં ભ્રીં ભ્રૌં સઃ રાહવેય નમઃ |
| કેતુ | ૐ સ્ત્રાં સ્ત્રીં સ્ત્રૌં સઃ કેતવેય નમઃ |

| રાશિના મંત્રો | |
|---|---|
| રાશિ | મંત્રો |
| મેષ | ૐ શ્રી હ્રીં શ્રી લક્ષ્મીનારાયણાય નમઃ |
| વૃષભ | ૐ ગોપાલાય ઉત્તરધ્વજાય નમઃ |
| મિથુન | ૐ ક્લીં કૃષ્ણાય નમઃ |
| કર્ક | ૐ હિરણ્ય ગર્ભાય અવ્યક્ત રૂપિણે નમઃ |
| સિંહ | ૐ ક્લીં જગદાધારાય નમઃ |
| કન્યા | ૐ નમો પીં પીતાંબરાય નમઃ |
| તુલા | ૐ ૐ તત્વ નિરંજનાય તારકાય રામાય નમઃ |
| વૃશ્ચિક | ૐ નારાયણાય સુરસિંહાય નમઃ |
| ધનુ | ૐ શ્રી દેવકી કૃષ્ણાય સ્થિતાય નમઃ |
| મકર | ૐ વત્સલાય નમઃ |
| કુંભ | ૐ શ્રી ઉપેન્દ્રાય અચ્યુતાય નમઃ |
| મીન | ૐ ક્લીં ઉદ્ધ્રૃતાય ઉદ્ધારિણે નમઃ |

બેદરકારી, આળસ અને ઊંઘ જીવનનાં મીઠા શત્રુ છે અને માઠાં પરિણામ લાવ્યા વિના રહેતા નથી.

## VEDIC JYOTISH SANSTHAN

### ગ્રહોનો મંત્રો

| નક્ષત્ર | મંત્રો | નક્ષત્ર | મંત્રો |
|---|---|---|---|
| અશ્વીની | ૐ અશ્વિનીકુમારાભ્યાં નમઃ | સ્વાતિ | ૐ વાયવે નમઃ |
| ભરણી | ૐ યમાય નમઃ | વિશાખા | ૐ ઈન્દ્રાગ્નિભ્યાં નમઃ |
| કૃતીકા | ૐ અગ્નેય નમઃ | અનુરાધા | ૐ મિત્રાય નમઃ |
| રોહીણી | ૐ બ્રહ્મણે નમઃ | જ્યેષ્ઠા | ૐ શક્રાય નમઃ |
| મૃગશીર્ષ | ૐ ચંદ્રમસે નમઃ | મૂળ | ૐ નૈઋત્યે નમઃ |
| આર્દ્રા | ૐ રૂદ્રાય નમઃ | પૂર્વાષાઢા | ૐ અદ્ભ્યો નમઃ |
| પુનર્વસુ | ૐ આદિત્યે નમઃ | ઉત્તરાષાઢા | ૐ વિશ્વેભ્યો દેવેભ્યો નમઃ |
| પુષ્ય | ૐ બૃહસ્પતે નમઃ | શ્રવણ | ૐ વિષ્ણવે નમઃ |
| આશ્લેષા | ૐ સર્પેભ્યો નમઃ | ધનિષ્ઠા | ૐ વસુભ્યો નમઃ |
| મઘા | ૐ પિતરે નમઃ | શતતારકા | ૐ વરૂણાય નમઃ |
| પૂર્વાફાલ્ગુની | ૐ ભગાય નમઃ | પૂર્વાભાદ્રપદા | ૐ અજૈકપાદાય નમઃ |
| ઉત્તરાફાલ્ગુની | ૐ અર્યમણે નમઃ | ઉત્તરાભાદ્રપદા | ૐ અહિર્બુધ્ન્યાય નમઃ |
| હસ્ત | ૐ સવિત્રે નમઃ | રેવતી | ૐ પૂષ્ણેય નમઃ |
| ચિત્રા | ૐ વિષ્ણ કર્મણ્યે નમઃ | | |

સંકલન - અશોક ચૌહાણ


With Best Compliments from :

# VIMAL PRINTERS

Jayesh Desai
9324445699

Rajesh Desai
9322660944


જીવનમાં દરેક કાર્યને નીતિ સાથે જોડી દેવામાં આવે તો અનીતિને રહેવાની જગ્યા જ ન મળે.

# કેતૂનું ફળાદેશમાં મહત્વ

ચંદ્ર પૃથ્વીની સૌથી નજીક હોવાથી ચંદ્રનો નોડ આત્મા માટે વધુ મહત્વનો છે. ચંદ્રનો નોડ પુલનું કામ કરે છે, ગતજન્મ અને આજન્મના આત્માના કર્મ માટે. આ જન્મ અને આવતા જન્મને જોડવા માટે પણ તે સક્ષમછે.

આ કર્મિક ભાવી સમજવા માટે રાહુ/કેતૂ કુંડળીમાં ક્યાં ભાવ-રાશિમાં જોઈ, તેના તત્વ પ્રમાણે જોવું પડે. કર્મને કાબૂ કરનાર ગ્રહ જોવો પડે, જે રાહુ/કેતૂના રાશ્યાધિપતિ હોય છે.

કેતૂ, પાસ્ટ કર્મ બતાવશે અને રાહુ તે કર્મમાંથી મુક્ત કેવી રીતે થવું તે બતાવશે. જાતકના આત્માની કર્મીક પ્રણાલી બતાવશે. જે આત્માને દોરશે. આખુંજીવન કેવું જશે તે ન બતાવી શકે.

કેતૂ એક પાતબિંદુ છે. સાપનું પૂછડું. તેને ભગવા વસ્ત્ર ધારણ કરનાર સન્યાસી કહ્યો છે. કહેવાય છે કે, કેતૂ જે સ્થાનમાં હોય, તે સ્થાનથી દેખાતા સંબંધીનું સુખ, જાતકને આગલા જન્મમાં મળ્યુ હોતુ નથી અને જાતક તે તડપ લઈ જન્મે છે. જાતકની, તે ભાવની બાજી બગડેલી હોય છે અને જાતકની તે જ સુખ મેળવવાની ધડપડ આ જન્મે રહેતી હોય છે.

ઈર્ષા, શત્રુ, કપટ, ક્રોધ, શ્રાપ, આધ્યાત્મિકતા, વૈરાગ્ય, ઉપાસના, મોક્ષ, ઘાવ-ચોટ, તપસ્યા, બ્રહ્મજ્ઞાન, ડોક્ટરી, ધાતુ, પોલાદ, શસ્ત્ર, મંત્રશાસ્ત્ર, ગણેશ ઉપાસના, ફીલોસોફી, નાના, દાદી, પ્રપૌત્ર, ઉચ્ચ વિદ્યા, વાયરસ, નસીબ, ભેદ, અચાનક બદલાવ વગેરેનો કારક કેતૂ છે. કેતૂને વંશનો વિરોધ કરનાર ગ્રહ કહ્યો છે. તે બિનફળરૂપ અને મોક્ષકારક છે. કેતૂને ધ્વજ પણ કહ્યો છે. ઉંચાઈ પ્રાપ્ત કરવામાં તેનો અગત્યનો ફાળો છે. કમ્પ્યુટર ભાષા તેના કારકત્વ નીચે આવે છે. કેતૂ તડપ આપે છે. ચંદ્રથી કેતૂ જેટલામાં ભાવે તે પ્રમાણે તડપ હોય છે. દા.ત. ચંદ્રથી ૪ થે કેતૂ હોતાં, જાતકને માતા માટેની તડપ ઉદ્‌ભવે છે. ચંદ્રથી ૫ મે કેતૂ, સંતાન માટે વગેરેવગેરે...

કેતૂ વાયુ તત્વનો છે. તેનું વાહન મરઘી છે. તેનો રંગ ઈન્ફ્રારેડ છે. તે મીનમાં સ્વગૃહી, વૃશ્ચિકમાં ઉચ્ચનો અને વૃષભમાં નીચનો થાય છે. તે ૧૦, ૨, ૧ ભાવ સાથે સંબંધિત થતાં, ડોક્ટરી-ભિક્ષુક જ્યારે બ્રાહ્મણ, વેદાન્ત, ઉપાસના, મંત્રશાસ્ત્ર, કાળો જાદુ, શસ્ત્ર વેપાર, હીપ્નોટીઝમ જેવા વ્યવસાય કરાવે છે.

તે જો ૪, ૫, ૯ ભાવ સાથે સંબંધિત થાય, ટોક્સીકોલોજી, ફીલોસોફી, ગુહ્ય જ્ઞાન, મૂઢ જ્ઞાન, હીપ્નોટીઝમ, જ્યોતિષશાસ્ત્ર, બાયોકેમેસ્ટ્રી, સ્મશાન વિદ્યા, કાળી વિદ્યા, કાળો જાદુ વગેરેનો અભ્યાસ આપે છે.

તેના અવયવ પેટ, મળ-મૂત્ર અને પગના હાડકાં ગણાવ્યા છે. અને તે, શરીર પર ગાંઠ બાઝવી, વ્રણ થવાં, ભગંદર, બ્રોન્કાઈટીસ, અવયવનું કપાઈ જવું, ઓપરેશન, પેટની પીડા, કૃમી, શ્વાસોશ્વાસ, ફોલ્લા, ઘા, ચામડીના રોગ, શૂલ, ભૂખ, પીડા, માથામાં વાળવી થવી અને માથામાં વાઈરલ ઈન્ફેક્શન જેવા રોગ આપી શકે છે.

તેની શુભ અસરમાં સ્વાભિમાન, તીવ્ર પ્રભાવ, આધ્યાત્મિકતા, વૈરાગ્યવૃત્તિ, બુધ્ધિ વગેરે હોય છે. તે એકલો કેન્દ્ર કે ત્રિકોણમાં, ન યુતો - ન દ્રષ્ટો હોય, ભાવમધ્ય પર ન હોય તો શુભ ફળદાયી બને છે. શુભગ્રહ સાથે હોતાં તે ગ્રહના ફળમાં વિક્ષેપ નાંખે છે. તે જો નબળો હોય અને કોઈ ભાવ/ગ્રહને અસર ન પહોંચાડતો હોય તો તેની નબળી અસર જણાતી નથી. પરંતુ ગોચરમાં ૬-૮-૧૨ મે આવતાં, ૬, ૮, ૧૨ માં ભાવની બાબત પર અસર કરે છે. કેતૂ ન ધારેલ પ્રસંગ-બીના આપી જાય છે. જાતક પરદેશમાં જ રહેતો હોય, પરંતુ ૧૨ મે રહેલા ગ્રહ જો ગોચરમાં કેતૂથી અશુભ થાય, ફોરેનમાં પણ ટ્રબલ આપે છે, જે ૧૨ ની અંતરદશા દરમિયાન હોય છે. તે એકલો હોય તો સારું, એમ ઉપર જણાવ્યું છે, માટે બીજા ગ્રહ કેતૂ સાથે યુતિમાં ક્યારે આવે તે જાણીએ-

સૂર્ય - વર્ષમાં ૧ વાર - ૬/૬ મહિને - ગ્રહણ સમયે

ચંદ્ર - મહિનામાં ૧ વાર

મંગળ - ૨ વર્ષમાં ૧ વાર

બુધ - ૧ વર્ષમાં ૧ વાર

ગુરૂ - ૭ વર્ષમાં ૧ વાર

શનિ - ૨૧ વર્ષે ૧ વાર

કેતૂની અસર યુતિ/દ્રષ્ટિથી ૧, ૩, ૧૦ ભાવ પર હોતાં, જાતકની કામશૈલીની અસર થતી નથી અને છેવટે જાતક માર-ધાડ પર ઉતરી આવતા હોય છે.

જો કેતૂ મારક સ્થાનમાં બેસી મારક બને, સ્થાન પરિવર્તન, વધુ સંઘર્ષ, ચામડીના રોગ, બીજા જટીલ રોગ, અને એલર્જી જેવા રોગથી કષ્ટ, ભય થાય છે.

કેતૂ જ્યાં સુધી બીજા ગ્રહ કે ભાવ સાથે જોડાય નહિ, દુર્યોગ ઉત્પન્ન કરશે નહિ. પછી તે કાલસર્પ હોય કે બીજો કોઈ અશુભ યોગ. તે પણ, નબળા ગ્રહ/ભાવ કે અશુભ સ્થાને બેઠેલા ગ્રહ સાથે યુતિ/દ્રષ્ટિમાં હોય તો જ. કેતૂ પોતાના કારકત્વનું ફળ સારૂં આપે છે અને બીજાના ફળને ગ્રહણ લગાડે છે. રાહુ'કેતૂ બન્નેની અંશાત્મક અસર કોઈ નબળા ભાવ/ગ્રહને પહોંચાડે અને કેતૂ ગુરૂ સાથે કુયોગ નિર્માણ કરે તો કેન્સરનો રોગ થવાનો સંભવ વધી જાય છે.

**કેતૂનો બીજા ગ્રહો સાથેનું યુતિફળ :**

કેતૂ + લગ્નેશ = જાતક સીધો ન હોય, પ્રમોશન મળતા મોડુ થાય, સ્વાસ્થ્ય ખરાબ થાય, છેતરામણી થાય.

કેતૂ + દશમેશ = નોકરીમાં તકલીફ - છેતરામણી - બીજા ભય

કેતૂ + સૂર્ય = પિતાને તકલીફ - સરકારથી ભય

કેતૂ + ચંદ્ર = દાદી ખરાબ હોય, નાનીને ઘરસુખ નથી, માસી દુઃખી હોય, માની તબિયત સારી ન રહે, જાયદાદનું દુઃખ, ઘરમાં મન ન લાગે અને જાતક બીજાના પ્રભાવમાં આવી જતા હોય છે.

કેતૂ + મંગળ = દાબ આપે છે - ઓપરેશન - અકસ્માત

કેતૂ + બુધ = જાતક આંખ બંધ કરીને જૂઠું બોલે, Statics માં ખૂબ આગળ જાય છે.

કેતૂ + ગુરૂ = આધ્યાત્મિક બનાવે - સન્યાસ લઈ શકે

કેતૂ + શુક્ર = વાસનાને લીધે, વેશ્યાગમનથી ચામડીના રોગ, લગ્ન મોડા થઈ શકે

કેતૂ + શનિ = ચોરી કરનારા - વેચાતી વસ્તૂ મફતમાં પડાવી લેનારા - ચોરી ચોરી download કરનારા, સન્યાસ લઈ શકે, અને ચંદ્ર પણ સાથે હોય, માતાજીના દર્શન થતાં હોય છે.

કેતૂના બીજા ગ્રહ સાથેના કેન્દ્રયોગ અને યુતિયોગને જ મહત્વ આપ્યું. ત્રિએકાદશ અને નવપંચમ યોગ મહત્વના બનતા જોવાયા નથી. કેતૂ જે ભાવમાં હોય તે ભાવફળ માટે વધુ મહેનત કરવી પડે છે. કારણ કે તેણે તે ભાવની બાબતમાં ભૂલ કરી હોય છે. અને તેનું ફળ જાતકે ભોગવવું જ પડે છે. છતાં ઉંચાઈ પ્રાપ્ત કરવામાં તેનો ફાળો મોટો હોય છે.

**કેતૂ નીચે પ્રમાણે દરેક ભાવમાં રહી ફળ આપે છે :**

૧ લે - લક્ષ્ય વગર જાતક કામ કરતા હોય છે. અપયશ મળે, યશ માટે વારંવાર પ્રયત્ન કરવા પડે. જાતક ઈર્ષાળુ બને. પિતા તથા ગુરૂ માટે સારો, સંતાનચિંતા રહે, ટ્રાન્સફર થતી હોય છે, પણ લાભ મળતા નથી, જાતક કોઈનું માનતા નથી, ઘરથી બહારની વ્યક્તિ પર લાગણી વરસાવે.

૨ જે - મુખરોગ, મોંમાંથી વાસ આવે છે, આર્થિક સ્થિતિ ખરાબ હોય છે, કર્જ લીધું હોય તો ચૂકવી

શકતાનથી, આવક સારી પણ જાવક પણ એટલી જ. સ્ત્રીને ૨ જે કેતૂ : કામચોર હોય છે.

૩ જે - સાત્વિકતા આપે, ગૂઢ જ્ઞાનમાં રસ હોય, ભાઈ-ભાભીથી વિયોગ, પ્રવાસમાં માંદા પડી શકાય, પત્નિથી વિયોગ, ભાઈઓ તરફથી તકલીફ, નાગિન રોગ થઈ શકે છે, જે કાળો જાદુ છે, શારિરીક વિકાસને રોકે છે. ભયાનક સ્વપ્ન પડે છે, ડર લાગે, શાસ્ત્રજ્ઞાન સારૂં, સ્ત્રીને ૩ જે કેતૂ : મન પ્રમાણે કંઈ થતું નથી, ભાઈ-બહેન સાથે પટતું નથી, ચારિત્ર્ય પણ બગડે છે.

૪ થે - આયુષ્યનો અંત ખરાબ જાય છે, વડીલની મિલ્કત મળી શકતી નથી, જાતે જ મેળવવું પડે, આયુષ્ય સારૂં જાય ખરૂં, ઘર સૌખ્ય ન મળે, માતાને સમસ્યા, એલર્જી થઈ શકે, ચામડીના પ્રોબ્લેમ આવે, ડાયાબિટીસ થઈ શકે.

૫ મે - ગર્ભ હાનિ, પુત્ર હાનિ, સંતાન માટે સારૂં નથી. જો ચંદ્ર સાથે અહીં યુતિમાં હોય તો સંતતી થતી નથી, પાપગ્રહ સાથે હોતાં સંતાન ચિંતા કરાવે છે. સ્ત્રીની કુંડળીમાં ૫ મે કેતૂ બદનામી આપે છે.

૬ ઠ્ઠે - કરણી બાધા, મમાને તકલીફ, લક્ષ્યહીન પ્રવાસમાં તકલીફ પડે, લોકો કારણ વગર દુશ્મન બને, ચામડીના રોગ થઈ શકે, કૃમીનો રોગ, કાળો જાદુ, અપયશ મળે, દરજીનું કામ કરવાથી ફાયદો થાય ખરો.

૭ મે - કામવાસના પ્રબળ કરે છે, ગયા જન્મે અપૂરી રહેલી વાસના, ભાગીદારી, લગ્ન જીવન અને કોર્ટમાં તકલીફ પડે છે, બીજા નંબરના બાળક થવામાં તકલીફ, દુશ્મનો આ જાતકથી ડરતાં હોય છે.

૮ મે - મૃત્યુ સમયે પુષ્કળ પીડા થાય, ચિંતાજનક મૃત્યુ, નિરાશા લાવે, શિક્ષણમાં અડચણ લાવે, ગોચરનો કેતૂ ત્યાં આવતાં તે વર્ષે નાપાસ થવાય, કૌટુંબિક દુઃખ અનુભવાય, યોનિ રોગ અને પેશાબ માર્ગમાં તકલીફ રહે.

૯ મે - ઉદારતા, પરોપકારી, આધ્યાત્મમાં પ્રગતિ, જો ધનુ રાશિમાં હોય - સન્યાસી વૃતી હોય, પુત્રહાનિ સંભવે. કોર્ટમાં લાંબો વખત રહે, પેશાબ માર્ગમાં તકલીફ આવે, પીઠ દર્દ અને પગમાં તકલીફ રહે.

૧૦ મે - હાડકાંના દુખાવો રહે, કાનના પ્રોબ્લેમ, પેશાબમાં તકલીફ રહે.

૧૧ મે - મહત્વકાંક્ષા નિર્માણ થાય, જાતક સતત દોડે, આર્થિક સ્થિરતા જલ્દી મળતી નથી, દાદીને તકલીફ આવે છે, બેલીમાં તકલીફ રહે.

૧૨ મે - શૈયાસુખ માટે ખરાબ, પોઝીશન સારી મળે, આધ્યાત્મિક બને, ધનુ-મીનમાં હોતાં રીસર્ચ માટે સારી, કેતૂને અહીં ફાવે છે. મોક્ષ માટે સારો.

**કેતૂની મહાદશા - અંતરદશા :**

કેતૂની મહાદશા ત્યાગ કરવાની વાત કરે છે. કંઈક છોડી દેવું પડતું હોય છે, તે ફળ નીચે પ્રમાણેનું હોઈ શકે:

૧) છેતરામણી ૨) પ્રમોશન ન મળવું કે મોડુ થવું ૩) ખોટા આરોપ આવે ૪) નોકરીમાં પાછળપાની કે નોકરી ચાલી જવી ૫) અણગમતી જગ્યાએ બદલી થઈ શકે ૬) અચાનક રોગને આધિન થવું ૭) રીસર્ચ કર્યું હોય તે નકામી જાય ૮) રાજા - દેશના વડા સાથે સમજફેર - મતભેદ ૯) પત્નિ કે પુત્રને તકલીફ અથવા તેમને ગુમાવે ૧૦) અગ્નિ ભય ૧૧) દસ્તાવેજની અદલીબદલીમાં ગરબડ ૧૨) દૂર પ્રવાસ - ઝેર અને શસ્ત્ર ભય ૧૩) ઝઘડા કરવાગમે અને તબિયત બગડે ૧૪) લગ્નમાં રહેલો કેતૂ - તબિયત બગાડે, ડીપ્રેશન આવે ૧૫) છૂપા કામો કરે ૧૬) વૈરાગ્ય પણ આપે ૧૭) શ્વાસછોશ્વાસ, બ્રોન્કાઈટીસ, વાયરસથી તથા રોગો આપી શકે ૧૮) કાયદા વિરૂદ્ધ કામ કરતાં ફસાય, કેતૂની દશા મુશ્કેલી ઉભી કરવામાં મોટો ભાગ ભજવે છે. કારણ કે તેની અંતરદશા ઝડપથી બદલાતી રહે છે.

કેતૂ શુભ યોગકારક ગ્રહની સાથે હોય કે શુભ દ્રષ્ટિ યોગમાં હોય તો શુભ ફળ મળે, તે પણ મોડુ કરીને કે ગૂચવણ ઉભી કર્યા પછી. તેનો રાશિધિપતિ શુભ સ્થિત હોય તો પણ શુભ પરિણામ આપી જાય છે.

**શુભ પરિણામ નીચે મુજબ સમજવું:**

૧) ઘરમાંશાંતિ - ધન સમૃદ્ધિ ૨) સરકારતરફથી માન-પ્રતિષ્ઠા જોબળવાન-શુભગ્રહની દ્દષ્ટિમાં હોય ૩) અંતઃપ્રેરણાનો પાવર વધે.

કેતૂ આધ્યાત્મિક પ્રગતિ આપી શકે, ધનવૈભવમાં નહિ. માટે તે દશા બાળપણમાં ન આવે તો સારૂં. તે ભૌતિકસુખના સ્તોત્ર, જેવા કે માતા-પિતા કે પાલક વગેરેનો નાશ કરી શકે છે. જીવનમાં સ્થિરતા પામી શકતા નથી, ભાગ્યનાશ થયા કરે છે, જન્મથીજ કેતૂની દશા હોતાં, મુશ્કેલી આવતી રહે છે.

કેતૂ જે ગ્રહની સાથે યુતિ/દ્દષ્ટિમાં હોય અથવા તો જે ગ્રહની રાશિમાં બેઠો હોય, તે ગ્રહની દશા કરતાં, પોતાની જ દશામાં (કેતૂની) તે ગ્રહસૂચિત ફળ આપે છે, માટે તે ગ્રહનું ફળ સમજતી વખતે કેતૂની દશાને પ્રાધાન્ય આપવું.

કેતૂની અંતરદશા, મહાદશાના ગ્રહ સાથેના તેના સંબંધ પર આધારિત છે. જો કેતૂ ૬-૮-૧૨ મે હોય અને મહાદશા ૬-૮-૧૨ થી સંબંધિત ગ્રહની હોય અને અંતરદશા કેતૂની હોતાં મોટી આફત લાવે છે. કેતૂ કેન્દ્ર કે ત્રિકોણમાં શુભ સ્થિત હોતાં તેની અંતરદશા શુભ પરિણામ આપે છે.

રાહુમાં કેતૂ, કેતૂમાં રાહુ અને બુધમાં કેતૂનું ફળ મૃત્યુતુલ્ય, દુઃખદ હોય છે. કેતૂ ૬-૮-૧૨ મે બેસી બીજાગ્રહ સાથે અશુભ દ્દષ્ટિયોગ કરતાં તે દશાનો સમય ખરાબ જાય છે.

કેતૂ નીચનો હોય કે નબળો હોય, તેની અંતરદશા નિરાશા-હાર અને અશુભ બનાવ માટે કારણભૂત બને છે.

નીચ/નબળો કેતૂ ૬ ઠ્ઠાનાં અધિપતિથી ગ્રસ્ત હોતાં, ઈજા, ઉંચો તાવ - રક્તાભિસરણમાં ખામી - મતભેદ - કોર્ટ કચેરી વગેરેનું અશુભ ફળ આપે છે.

નીચ/નબળો કેતૂ ૮માના અધિપતિથી ગ્રસ્ત, નોકરી-ધંધામાં તકલીફ આપે છે - ડીપ્રેશન આપે છે.

નીચ/નબળો કેતૂ ૧૨ ના અધિપતિથી ગ્રસ્ત, માંદગીમાં લાંબી ટ્રીટમેન્ટની જરૂરિયાત ઉભી થાય છે. ડ્રગની કુટેવ પડી શકે છે. કવચ-મંત્ર-જાપ વગેરેનો સહારો લેવાથી રાહત રહે છે.

**કેતૂનું ગોચર :** ગોચરનો કેતૂ અશુભ અસર જ ઉભી કરે છે. જન્મના રાહુ/કેતૂ જ્યાં હોય, ગોચર તેનાથી ઉલ્ટું થતાં પ્રોબ્લેમ શરૂ થતાં હોય છે. ગ્રહણ વખતે કેતૂ સ્થંભી થાય છે, જેનો અસર લાંબા સમય સુધી રહે છે. વર્ષ કુંડળીમાં કેતૂ પહેલા ભાવમાં આવતાં પુત્ર અથવા ભાણેજનો જન્મ આપી જાય છે ખરો !

ઉચ્ચનો કેતૂ ગોચરમાં દુઃસ્થાન ૬/૮/૧૨ મે આવે ત્યારે

૧) ૬ ઠ્ઠે - ચોરી - અગ્નિ - ચીટીંગ - ખર્ચા - દેવાથી ધનનાશ, પરંતુ જો પષ્ઠેશ બળવાન હોય તો, લાભ આપી જાય છે.

૨) ૮ મે - વારસામાં તકલીફ - કામવાસના અને ગેરરીતીથી ધન કમાવાની વૃત્તિ વધે છે.

૩) ૧૨ મે - તબિયત ખરાબ થાય - ઉંઘમાં તકલીફ - કામવાસના વધે - પરદેશગમન થાય.

કેતૂ જો શુભ સ્થાન પર આવે, તો ફક્ત નબળા અને અશુભગ્રસ્ત ગ્રહ પર જ ખરાબ અસર કરે છે.

**ઉપાય :** કેતૂ મંગળવત્ હોવાથી, ગણપતિની આરાધના કરવી. તલ, છત્રી, કાળાવસ્ત્ર, ચપ્પલ-બૂટ, ચાળ, ઝંડો ધ્વજ વગેરે ચઢાવવું. કેતૂની દશામાં કાળા કૂતરાને શનિવારે ખોરાક આપવો.

**- કુંદનબેન જે. દેસાઈ**

# અષ્ટક વર્ગ

આચાર્ય પરાશર મુનિએ શોધેલી આ પ્રાચીન પધ્ધતિ છે. ઈ.સ. પૂર્વે ઘણા સૌકાઓ અગાઉ તેની શોધ થઈ હશે. એનું પ્રમાણ એ છે કે આચાર્ય વરાહમિહિર નાં સમયમાં આ પધ્ધતિ વિકસિત હતી. તે "બૃહદ જાતક"માં તેમણે આખી પધ્ધતિનું વિવરણ કર્યું. પછી આ પધ્ધતિ પાછી ખોરંભે ચડી ગઈ હોય એમ લાગે છે.

પરંતુ શ્રી ચંદુલાલ શ. પટેલ અને શ્રી સી. એ. એસ. અય્યરે આ વિષય પર જુદા જુદા ગ્રંથોમાંથી વીણેલાં ફૂલોની જેમ લઈને "અષ્ટક વર્ગ નિબંધ" નામનો ગ્રંથ તૈયાર કર્યો.

આ અષ્ટક વર્ગ એટલે ૭ ગ્રહો અને ૮ મું લગ્ન મળીને જે પધ્ધતિ તૈયાર થઈ તેને અષ્ટકવર્ગ કહેવાય છે.

અષ્ટક વર્ગ પધ્ધતિને પાંચ વિભાગમાં વહેંચી છે :

**૧) ભિન્નાષ્ટક વર્ગ** : ગ્રહ પોતે અને અન્ય ગ્રહો અને લગ્ન એ આપેલા દરેક સ્થાનમાં બિંદુઓની કુંડળી.


**૨) પ્રસ્તારક વર્ગ** : ગ્રહનાં ભિન્નાષ્ટક વર્ગમાં ૭ ગ્રહો અને લગ્ન કઈ કક્ષામાં બિંદુ અને કઈ કક્ષામાં રેખા તેનું કોષ્ટક બનાવાય.

**૩) સામુદાય વર્ગ** : ૭ ભિન્નાષ્ટક વર્ગનાં બિંદુઓનો સરવાળો કરી આવેલા બિંદુઓથી બનેલી જન્મ કુંડળીનું અષ્ટકવર્ગ.

**૪) શોધ્યવશિષ્ટ** : ૭ ગ્રહોનાં ભિન્નાષ્ટક વર્ગમાં ત્રિકોણ શોધન અને એકાધિપત્ય શોધન કરીને દરેક સ્થાનમાં આવેલાં બિંદુઓનો સરવાળો.

**૫) શોધ્ય પિંડ** : ત્રિકોણ શોધન અને એકાધિપત્ય શોધન કર્યા બાદ ભિન્નાષ્ટકવર્ગનાં દરેક સ્થાનમાં જે બિંદુ રહે તેનાં રાશિ પિંડ અને ગ્રહ પિંડનો સરવાળો કરી જે સંખ્યા આવે તે શોધ્ય પિંડ.

પુરુષ જાતક
૧-૧૨-૧૯૯૦
૨૧:૧૪ મુંબઈ



સર્વાષ્ટક વર્ગ કુંડળી

| | | | | |
|---|---|---|---|---|
| શનિ | 3 | 28 | 39 | 14 |
| રાહુ | 9 | 25 | 26 | 19 |
| કેતુ | 3 | 05 | 26 | 19 |

**૧) જાતકની કુંડળી બળવાન છે કે નિર્બળ ?**

ભાવ : ૧ ૪ ૭ ૧૦ ૫ ૯
બિંદુ : ૨૮ ૩૩ ૧૮ ૩૦ ૨૦ ૩૦

ફળ: જાતકની કુંડળી મધ્યમ બળવાન છે કેમ કે ૬ ભાવમાંથી
૩ ભાવમાં ૩૦ અને ૩૦ વધુ બિંદુ છે. અને
૩ ભાવમાં ૩૦ થી ઓછા બિંદુ છે માટે.

**૨) જાતકનું શિક્ષણ કેવું છે ?**

જાતકની કુંડળીનાં -

| | | | | |
|---|---|---|---|---|
| ભાવ | ૨ | ૪ | ૫ | ૯ |
| બિંદુઓ | ૨૯ | ૩૩ | ૨૦ | ૩૦ |
| ભાવનાં અધિપતિ | સૂર્ય | શુક્ર | મંગળ | ગુરૂ |
| ભાવનાં અધિપતિને મળેલા બિંદુઓ | ૨૦ | ૨૦ | ૩૫ | ૨૮ |
| કારક | ગુરૂ | બુધ | ગુરૂ | ગુરૂ |
| | ૨૮ | ૨૮ | ૨૮ | ૨૮/૨૦ |

ફળ : ભણતર મધ્યમ હશે.

**૩) જાતક નોકરી કરશે કે વ્યવસાય ?**

લગ્નેશ કે કર્મેશ લગ્નથી ૬, ૮, ૧૨ મે સ્થિત હોય ત્યારે જાતક સાધારણ રીતે નોકરી દ્વારા પ્રગતિ સાંધી શકે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ભાવ : | ૨ | ૩ | ૬ | ૯ | ૧૦ | ૧૧ |
| બિંદુઓ : | ૨૯ | ૩૨ | ૨૮ | ૩૦ | ૩૦ | ૩૫ |
| અધિપતિ : | સૂર્ય | બુધ | ગુરૂ | ગુરૂ | મંગળ | શુક્ર |
| બિંદુઓ : | ૨૦ | ૨૮ | ૨૮ | ૨૮ | ૩૫ | ૨૦ |
| કારક : | ગુરૂ | મંગળ | મંગળ/શનિ | સૂર્ય/ગુરૂ | મંગળ | ગરૂ |
| બિંદુઓ : | ૨૮ | ૩૫ | ૩૫/૨૮ | ૨૦/૨૮ | ૩૫ | ૨૮ |

ફળ : જાતક સ્વતંત્ર વ્યવસાય થી આગળ વધે.
કર્મેશ લગ્ન થી ૧૧ મે આવ્યો.

**૪) જાતકનો ભાગ્યોદય ક્યારે થાય ?**

| | |
|---|---|
| લગ્ન થી ૬ ઠ્ઠો ભાવ = ૨૫ બિંદુ | ચંદ્રથી ૬ ઠ્ઠો ભાવ = ૩૩ બિંદુ |
| લગ્ન થી ૯ મો ભાવ = ૩૦ બિંદુ | ચંદ્રથી ૯ મો ભાવ = ૧૮ બિંદુ |
| ૫૫ | ૪૧ |

ફળ : ઉંમર વર્ષ ૪૫ થી ૪૬ દરમ્યાન ગુરૂ-ચંદ્ર ની દશા આવે ત્યારે ભાગ્યોદય થાય.

**૫) જાતક કઈ લાઈનનું શિક્ષણ લેવાથી જીવનમાં વધુ સફળ થઈ શકે ?**

લગ્ન થી ૧૦ માં ભાવમાં રહેલા બિંદુઓ = ૩૦
ચંદ્ર થી ૧૦ માં ભાવમાં રહેલા બિંદુઓ = ૩૦
સૂર્ય થી ૧૦ માં ભાવમાં રહેલા બિંદુઓ = ૨૧

ફળ : જાતક મંગળ અને ચંદ્રની લાઈન વ્યવસાય કરી શકે છે.

**૬) જાતક ક્યાં વર્ષે વેલ-સેટલ થાય ?**

ફળ : જાતકના લગ્ન ભાવમાં ૨૮ બિંદુ છે માટે જાતક ૨૮ વર્ષે વેલ-સેટલ થાય.

**૭) જાતકનાં લગ્ન થશે કે નહી ? ક્યારે થશે ?**

| | | |
|---|---|---|
| સપ્તમ સ્થાન | = ૧૮ બિંદુ | જાતકનાં લગ્ન મોડા થાય. |
| સપ્તમેશ | = ૨૦ બિંદુ | જાતકનાં લગ્ન ૨૫ માં વર્ષે થાય. |
| કારક શુક્ર | = ૨૦ બિંદુ | કુંડળીમાં શુક્ર પર ગુરૂનું ભ્રમણ થાય ત્યારે યોગ. |

**૮) જાતકનું દામ્પત્ય સુખ કેવું ?**

ફળ : સામુદાયિક કુંડળીમાં ૫ માં ભાવ કરતાં ૭ માં ભાવે વધુ બિંદુ હોય તો તે જાતક વધુ આક્રમક હોય. પણ આ દા.ત. કુંડળીમાં સપ્તમ ભાવ કરતાં પંચમ ભાવમાં બિંદુ વધારે છે. માટે આ જાતકનું સામેવાળુ પાત્ર આક્રમક છે.

**૯) સંતાન યોગ ક્યારે ?**

ફળ : જાતકને ઉંમર વર્ષ ૨૯ વર્ષે સંતાન યોગ થાય.

**૧૦) ધન યોગ ક્યારે ?**

ફળ : લગ્નથી ૪ સ્થાન થી ૯ માં સ્થાન સુધી આ ૯ સ્થાનમાં ૨૫ થી 30 બિંદુ આવે ત્યારે કુબેર યોગ થાય. 33, ૨૦, ૨૮, ૧૮, 30, 30, 30

**૧૧) એકંદર જીવન કેવું ?**

જન્મ કુંડળીનાં ૧૨ ભાવમાંથી જેટલા વધારે સમુદાય બિંદુ = ૧૨ ભાવ
જન્મ કુંડળીનાં ૧૨ ભાવમાંથી જેટલા ઓછા સમુદાય બિંદુ = ૨ ભાવ
૧૦

ફળ : જાતકનું જીવન સંઘર્ષ ભર્યું.

**- વાસંતીબેન ભટ્ટ**

---

જે આપણે સર્જ્યું તેનો નાશ આપણે કરી શકીએ. પણ બીજા કોઈની કૃતિ હોય તેનો આપણાથી કદી નાશ કરી શકાય નહીં. માટે ખડા થાઓ, હિંમતવાન થાઓ, બધી જવાબદારી પોતાને શિરે ઓઢી લ્યો. અને સમજો કે તમારા નસીબના ઘડનાર તમે પોતે જ છો. જે કંઈ શક્તિ અને સહાય તમારે જોઈએ તે તમારી પોતાની અંદર જ છે. માટે તમારૂં ભાવિ તમે પોતે જ ઘડો.

**- સ્વામી વિવેકાનંદ**

માનવીની ખરી મિલકત એની વિદ્યા છે, એનું દાન છે એને જ તપ અને ચારિત્ર્ય કહે છે. તેને સાચવવા માટે હથિયારની જરૂર નથી પડતી. એ આપમેળે સચવાઈ જાય છે. એની ચોરી થઈ શકતી નથી. ઊલટાનું આપવાથી એ વધે છે. માનવીએ એવી મિલકત મેળવવાની કોશિશ કરવી જોઈએ.


**- મહાત્મા ગાંધીજી**

સત્તાધીશોની સત્તા તેમના મૃત્યુ સાથે જ સમાપ્ત થાય છે, ત્યારે મહાન દેશભક્તોની સત્તા તેમના મૃત્યુ પછી જ ખરો અંમલ ચલાવે છે.

**- સરદાર વલ્લભભાઈ પટેલ**

# મેડીકલ એસ્ટ્રોલોજી

સંકલનઃ ડો. હરિલાલ માલદે
FRMP, GRMP, Teletherapist




**તંદુરસ્તી :** શરીરના દરેક અવયવોનું સંચાલન નિયત કરેલી ગતિ મુજબ રહેવું અને શરીરનું નિરોગી રહેવું

**માંદગી :** શરીરના દરેક અવયવોનું સંચાલન અનિયમિત ગતિ મુજબ થવું અને શરીરમાં વ્યાધિઓનું ઉત્પન્ન થવું, આના મુખ્યબે કારણો છે :

૧) જન્મજાત કે ગર્ભાધાન દ્વારા થતાં રોગો, વંશ પરંપરાગત રોગો જેવા કે કોઢ, બ્લડ પ્રેશર, ડાયાબીટીસ, ઈત્યાદિની બીમારી. સંતાનને પણ કોઈ ગ્રહ એક જ આવશે.

૨) આગંતુક રોગો - જન્મ પછી શરીરનો વિકાસ થયા પછીના રોગો જે હવા, પાણી અને ઋતુના ફેરફારથી થાય છે. સ્પર્શ તથા સંસર્ગથી ફેલાતા રોગો (વાયરલ ઈન્ફેકશન ડીસીઝ) થાય છે. જ્યોતિષ શાસ્ત્રમાં વૈદાકીય જ્યોતિષ એક એવી વિદ્યા છે જેમાં સ્વાસ્થ્ય ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. આજની વૈદાકીય ચિકિત્સામાં કે વૈદાકીય વિજ્ઞાનમાં રોગ થયા પછી એનું નિદાન થયા બાદ ઉપચાર કરવામાં આવે છે. જ્યારે જ્યોતિષ શાસ્ત્રમાં જાતકની કુંડળી દ્વારા જન્મ સમયે જન્મના અને ગોચરના ગ્રહોથી જાણી શકાય છે કે ક્યારે ક્યાં સમયે કયો રોગ થશે અને એ રોગથી કેવી રીતે બચવું અથવા કુંડલી સુચિત કરશે કે કુંડળીના રોગો પારખી શકતા નથી. રોગની તીવ્રતા કેટલી છે એનું અનુમાન જ્યોતિષ શાસ્ત્ર દ્વારા કરી શકાય છે.

જન્મ કુંડળીમાં ૬ઠ્ઠા ભાવથી રોગ વિશે જાણકારી મેળવી શકાય છે. ૮ માં ભાવને આયુનું સ્થાન કહેવાય છે. રોગ કરતા મૃત્યુ વધારે ગંભીર છે. નૈસર્ગિક કાળપુરૂષની કુંડળીમાં કન્યા રાશિને નૈસર્ગિક રોગની રાશિ ગણવામાં આવે છે. જો આ રાશિ દુષિત થતી હોય, ૬ ઠ્ઠા સ્થાનમાં જે રાશિ હોય એનો સ્વામી બગડેલો હોય અથવા કન્યા રાશિનો સંબંધ કોઈ પણ રીતે ૬ ઠ્ઠા સ્થાન સાથે થતો હોય તો રોગ થવાની સંભાવના વધી જાય છે. ૬ ઠ્ઠા ભાવથી રોગની અવધી પણ જાણી શકાય છે.

રોગનો વિચાર કરતા પહેલા એક વાતનું વિશેષ ધ્યાન રાખવું કે માનવ શરીર સંપૂર્ણ જીવન દરમ્યાન ક્યારેક ને ક્યારેક કોઈ પણ રોગથી પીડા ભોગવે છે અને આ રોગો જાતકે કરેલા પૂર્વ જન્મનાં સારા નરસા કર્મને આધીન હોય છે. જન્મકુંડળી એના ગત જન્મના કર્મોના આધારે બનેલી હોય છે. જન્મ સમયના ગ્રહો ગોચરની ગ્રહોની સ્થિતિ, જન્મ લગ્નના ગ્રહો, રાશિ, જન્મ નક્ષત્ર, ગ્રહોની દ્રષ્ટિ, યુતિ કે રાશિઓની દ્રષ્ટિ ક્યાં નક્ષત્રમાં રોગનો પ્રારંભ થાય છે તે જાણી શકાય છે. ગ્રહો અને નક્ષત્રો ખાસ જોવા કારણ કે નક્ષત્રને તેના ચરણો દ્વારા, ગ્રહો દ્વારા આપણા જ્યોતિષ શાસ્ત્રમાં દરેક રોગોનું વિભાજન કરવામાં આવ્યું છે. રોગ માટે ૬, ૮, ૧૨ ભાવ જોવાય છે. સાથે સાથે જ્યા ભાવને વધુ મહત્વ આપવામાં આવે છે. ઉપરોક્ત ભાવના સ્વામીએ દ્વારા રોગ થવાના સંકેતો મળે છે. ક્યાં ગ્રહોથી કયો રોગ થાય, લગ્નેશ સાથે કેવો સંબંધ છે. કુંડળીમાં ક્યા ભાવથી પીડાય છે અથવા પાપગ્રહોની દ્રષ્ટિ કે યુતિમાં છે કે રોગની વૃધ્ધી કરે છે આનો મુખ્ય આધાર લગ્ન, લગ્નેશ, ચંદ્ર, સૂર્યને માનવામાં આવે છે. આની સ્થિતિ નાજુક અશુભ ગ્રહોથી પીડાતી અશુભ ભાવમાં સ્થિત હોય. રોગની સંભાવના માટે જ્યોતિષ શાસ્ત્રમાં બારે બાર ભાવથી રોગનો વિચાર કરવામાં આવ્યો છે. એક એક ભાવને ૬૦ ભાગમાં વિભાજીત કરીને રોગની સુક્ષ્મતા પારખવામાં આવે છે. આમા સૂર્યનો સંબંધ પુરૂષની

તંદુરસ્તી સાથે છે અને ચંદ્રનો સંબંધ સ્ત્રીની તંદુરસ્તી સાથે છે. ૬ ઠ્ઠા ભાવથી કયો રોગ, કયું અંગ એના સ્વામીના ગ્રહો ૮ માં ભાવથી રાશિના ગ્રહો કે તેના સ્વામી દ્વારા મનુષ્યનું આયુ કયા રોગથી ક્ષીણ થશે એ જાણી શકાય છે. ૪ થું સ્થાન માનવીના અંતિમ સમયની પરિસ્થિતિનો ચિતાર આપે છે. આ સ્થાનમાં રહેલી રાશિ, ગ્રહો કે રાશિના સ્વામી ૬, ૮, ૧૨ ના સ્થાન સાથે સંબંધ કરતા હોય, નીચ કે પાપ ગ્રહની રાશિમાં પડ્યા હોય તો જાતક લાંબી બીમારીનો ભોગ બને છે.

રોગ ક્યારે થાય ? કોઈ પણ ગ્રહ ઉપર કોઈ પણ પાપ ગ્રહની દ્રષ્ટિ પડતી હોય છે. અશુભ અસર થતી હોય તો, કયા અંગોમાં બિમારી છે તે સૂચન કરે છે. રાશિઓની રાશિ ઉપર દ્રષ્ટિ કે ગ્રહો રાશિમાં સ્થિત ગ્રહની દ્રષ્ટિ કઈ બિમારી છે એનું સૂચન કરે છે. વિરોધાભાસ ગ્રહોની યુતિ-દ્રષ્ટિ (તત્વો) વિરોધાભાસી રાશિઓ અને તત્વો રોગ ભાવનું પ્રતિનિધિત્વ કરતા ગ્રહો (૬, ૮, ૧૨) પછી રોગ ભાવમાં બેઠા ગ્રહો લગ્નમાં બેઠા છે તે ગ્રહો લગ્ન કે લગ્ન સ્થાન થતું હોય નીચ કે શત્રુ રાશિમાં બેઠેલા ગ્રહો, નિર્બળ બનતા ગ્રહો પોતાની નીચ રાશિ તરફ પ્રયાણ કરતાં ગ્રહો (૪૮) દિવસ, કુંડળીમાં ચંદ્ર જ્યાં બેઠો હોય ત્યાંથી ૬ ઠ્ઠો ભાવ, નવમાંશમાંથી ૬ ઠ્ઠો ભાવ આ બન્નેમાંથી જે સ્થાન કે ગ્રહો બળવાન થતાં હોય એ રોગ આપવા માટે સક્ષમ સ્થાન ગ્રહો છે જાણવું.

નૈસર્ગિક કુંડળીમાં ૬ ઠ્ઠા ભાવનો માલિક પંચમ સ્થાનમાં હોય તો રોગ વધારે, આઠમે મંગળ અકસ્માત સાથે સાથે વીલ વારસો પણ આપશે. પંચતત્વ અગ્નિ, પૃથ્વી, વાયુ, જલ અને આકાશ મળીને મનુષ્યનું નિર્માણ થયું છે. આ બધાનું શરીરમાં યોગ્ય પ્રમાણમાં જળવાઈ રહેવું જરૂરી છે જેથી શરીર સ્વાસ્થ્ય સારૂ રહે. પૃથ્વી અને જલ તત્વ કફ ઉત્પન્ન કરે, જળ અને અગ્નિ પિત ઉત્પન્ન કરે, વાયુ અને આકાશ (ઈથર - ખાલીપણું દા.ત. કેવીટી) વાયુ ઉત્પન્ન કરે. આ બધાના પ્રમાણમાં વધ-ઘટ થતા રોગ અને અસ્વસ્થતા ઉત્પન્ન કરે છે. ટુંકમાં નબળો અને અશુભ ગ્રહ તેની દશામાં માંદગી આપે છે. ૧૨મો ભાવ active થતો હોય તો હોસ્પીટલમાં દાખલ થવું પડે. ખાસ કરીને શનિ, મંગળ કે રાહુ ઓપરેશન કે સર્જરી આપી જતાં હોય છે.

- ૨ જો અને ૮ મો ભાવ શરીરનો કચરો બહાર કાઢવા માટે હોય છે. દા.ત. નાક, ગુદા.
- અગ્નિ તત્વમાં રોગ પ્રતિકારક શક્તિ વધારે હોય છે.
- કેન્સરનો રોગ મોટે ભાગે ગુરૂની દશામાં થાય છે.
- આઠમાં સ્થાનમાં પાપગ્રહો પેશાબની તકલીફ અને તેને લગતા રોગ આપે છે.
- પાંચમાં સ્થાનમાં સિંહનો મંગળ માનસિક અશાંતી આપે છે. (Depression)
- પાંચમે શનિ-મંગળ સંતાન સુખ નષ્ટ કરે. એકલો મંગળ પુત્ર સુખ આપે છે. જ્યારે એકલો શુક્ર કન્યા સંતતિ વધારે આપે છે.
- લગ્નમાં બીજે આઠમે રહેલો શુક્ર લાંબુ આયુષ્ય આપે છે.
- ચોથે ચંદ્ર જાતકને ડર જેવી મનોવૃત્તિ ((Fobia) આપે છે.
- બારમે એકલો સૂર્ય હોય અને તેના ઉપર શુભ ગ્રહની દ્રષ્ટિ ન હોય તો આંખોમાંથી પાણી ગળતું હોય છે.
- લગ્ન સ્થાનમાં રહેલો મંગળ મગજ બહુ ગરમ રાખે છે.
- લગ્નથી કે ચંદ્રથી સાતમે શુભ ગ્રહ અથવા સપ્તમેશ આવેલો હોય તો વંધ્યત્વ દોષ નાશ પામે છે.
- લગ્નેશ અને અષ્ટમેશ ૮ માં ભાવમાં યુતિ સંબંધમાં હોય તો જાતકને મૃત્યુનો અણસાર અગાઉથી આવી જાય છે.
- લગ્ન અથવા લગ્નેશ પાપકર્તરી યોગમાં હોય તો આંખોની નબળાઈ આવે. ચશ્મા પહેરવા પડે.
- જન્મ કુંડળીમાં રાહુ સાથે ગ્રહ હોતા તે ભાવને લગતા અંગોના કેન્સરની શક્યતા રહે છે.
- લગ્ન અગર સાતમા ભાવે રાહુ સાથે હોય તો પતિ અથવા પત્નીના માટે ટાલ હોય છે.
- કન્યા રાશિના જાતકોને વ્યાધિ થાય તો તેને પંપાળીને મોટું સ્વરૂપ આપવાનો સ્વભાવ હોય છે.

મેષનો મુખ્ય પ્રભાવ મસ્તિષ્કની અંદર રહેલા મગજ પર હોય છે. સમસ્ત જ્ઞાનતંત્ર, ગાંડપણ અથવા જ્ઞાનતંતુના દોષના વ્યાધિના પ્રસંગે મેષ રાશિની વિચારણા મુખ્યત્વે કરવી જોઈએ.

ગળામાં આવેલી અન્નનળી (Food Pipe), થાઈરોઈડ ગ્રંથી, સ્વરપેટી, ગળા અને ગરદનનો આગલો પાછલો ભાગ જીવ્હા, શ્લેષ્મગ્રંથી, કંઠમાળ, જડબા ઈત્યાદિના વ્યાધિઓ માટે વૃષભ રાશિની વિચારણા કરવાથી સ્પષ્ટ નિદાન કરવામાં સહાય મળે છે. મિથુનનો પ્રભાવ વધુ ફેફસાઓનો ઉપરનો ભાગ, શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા, શ્વસનતંત્ર, જ્ઞાનતંતુ તંત્ર, વાયુના આધારે રૂધિરાભિસરણ અને રક્તશુધ્ધિ ઉપર હોય છે. આ બધાની વિચારણા માટે મિથુન રાશિનો પ્રભાવ મહત્વનો છે. કર્કનો પ્રભાવ સામાન્ય રીતે પેટની અંદરનો ભાગ, જઠર, પાચન શક્તિ, જઠરાગ્ની, પાચન તંત્ર, ગર્ભાશય ઈત્યાદિ ઉપર હોય છે. સિંહનો પ્રભાવ હૃદય, લોહી, કાળજુ, પિત્તાશય અને રક્ત પર છે. કન્યાનો પ્રભાવ અન્ન પાચનક્રિયા, અમુક અંશે જનનેન્દ્રીય, આંતરડા, કાળજુ, પિત્તાશય, જ્ઞાનતંતુઓ, સ્વાદુપિંડ પર છે, તુલાનો પ્રભાવ મૂત્રપિંડ પર છે. વૃશ્ચિકનો પ્રભાવ ગુપ્તાંગો, અંડકોષ અને તે સંબંધી અવયવો પર છે. ધનનો પ્રભાવ દોરી નસો, નાની મોટી નસો અને રક્તવાહિનીઓ પર છે. મકરનો પ્રભાવ મુખ્યત્વે હાડકાના સાંધાઓ અને હાડકાની અંદરની મજ્જા પર છે. કુંભનો પ્રભાવ રૂધિરાભિસરણ પર છે. મીનનો પ્રભાવ માંસના લોચા, માંસની ઉપરનું ચરબીનું પડ અને લાળરસ ગ્રંથી પર છે.


મેડીકલ એસ્ટ્રોલોજીમાં બે શબ્દ સમાયેલા છે. પહેલો મેડિકલ અને બીજો એસ્ટ્રોલોજી. મેડીકલ એટલે દવા - પ્રવાહી સ્વરૂપે, દાન સ્વરૂપે, ગોળી કે કેપસૂલ, દા.ત. 1 TDS = ૧ ગોળી દિવસમાં ત્રણ વખત, 2 TDS = ૨ ગોળી દિવસમાં ત્રણ વખત વગેરે. Astrology એટલે Atomic law which includes protoplasm, molecule, atom, proton, electron, nucleus. માનવીને જન્મ સમયે ગ્રહો જે અસર કરે છે, તેને લીધે કારણભૂતરૂપ મળી વ્યાધિ થાય છે અને તેઓની જુદી જુદી સ્વર અસરો છે. સાયન્સ અર્થાત્ વિજ્ઞાને પુરવાર કર્યું છે કે આખા ગ્રહમંડળનો સૌથી નાનામાં નાનો ચંદ્ર મહાસાગરના હજારો ટન વજન, ઉંચાઈ/ઉંડાઈ તથા હજારો કી.મી.ના વિસ્તાર ઉપર પોતાની ગતિનો અસર કરી ભરતી ઓટ લાવે છે. ગ્રહોના ફેરફારથી પૃથ્વી ઉપર ઋતુના ફેરફારો થાય છે અને આગળ જણાવ્યા મુજબ પ્રમાણે જ્યારે અનેક તત્વોને એકબીજા સાથે સંબંધ છે તો દુનિયાની ભારેમાં ભારે વસ્તુઓને અસર કરનાર ગ્રહો દુનિયાની બીજી અબજો ટનની ભારે વસ્તુઓને અસર કરે છે તો તેની સરખામણીમાં તણખલાભાર પંચમહાભૂતોનું બનેલા માનવીના શરીરની શું વિસ્તારમાં છે.

દરરોજના પંચાંગ મુજબ ચંદ્ર જે રાશિમાંથી પસાર થતો હોય તે રાશિને લગતા શરીરના અંગો પર તે સમયે એટલે તે દિવસે કોઈ પણ જાતનું ઓપરેશન કરાવવું નહીં કે કરવું નહીં.

કુંડલીમાં અષ્ટમેશ જે ગ્રહ થતો હોય તે જો ગોચરમાં લગ્ન ઉપર આવે તો તે દિવસો દરમ્યાન ઓપરેશન કરાવવું નહીં. ગોચરમાં ચંદ્ર અશુભ થયો હોય તો તે દિવસે ઓપરેશન કરાવવું નહીં. સૂર્ય, મંગળની યુતિ હોય તે દિવસે કાનનું ઓપરેશન કે કાન વેધ ન કરાવવા. જો પૂનમના દિવસે ઓપરેશન કરાવવું પડે તો દર્દીના બ્લડગ્રુપના લોહીની વ્યવસ્થા અગાઉથી કર્યા પછી જ ઓપરેશન કરાવવું. ના નવા કાયદા મુજબ દર્દી માટે લોહીની વ્યવસ્થા જે તે હોસ્પીટલમાં હોવી અત્યંત આવશ્યક હોય છે. મહારાષ્ટ્ર રાજ્યના તત્કાલીન ગૃહપ્રધાને ઘણું જ પ્રશંસનીય કાર્ય કર્યું છે. ઓપરેશનના દિવસે ગોચરમાં કેતુનું ભ્રમણ લગ્ન ઉપર ન હોવું જોઈએ.

શરદી થઈ હોય ત્યારે દવા કરો કે ન કરો ૨ કે ૩ દિવસમાં મટી જાય છે જે ગોચરના ચંદ્ર દ્વારા જતી હોય છે.

**ગંભીર માંદગીના વર્ષ** : જ્યારે શનિ, રાહુ અને કેતુ ત્રણે એક પછી એક ગોચરમાં બાધકના ઉપપતિ અને મારકના ઉપપતિના નક્ષત્રમાં આવે તે વર્ષ દરમ્યાન ગંભીર માંદગી આવે. દા.ત. મેષ લગ્નમાં




શનિ બાધક અને શુક્ર મારક બને છે. (૧૧મું સ્થાન બાધક સાતમું મારક) એટલે શુક્ર, શનિના નક્ષત્રના ઉપપતિ જોવા. ગોચરમાં જ્યારે શનિ, રાહુ અને કેતુના ઉપપતિના નક્ષત્રમાં આવે ત્યારે રોગ આવે કે ગંભીર માંદગી આવે, આવી રીતે કોઈ પણ સગાની કુંડળી દા.ત. પત્નીનો સાતમા ભાવથી બાધક અને મારક જોઈ લેવા અને તેના ઉપપતિ કોણ થાય છે તે જોઈ લેવું તેમાં ગંભીર માંદગી આવે છે. મૃત્યુનો પ્રશ્નનો જવાબ કાઢતા હોઈએ તે સમયે લગ્નના ઉપપતિનો સંબંધ દશા, અંતરદશા કે પ્રત્યંતર દશા સાથે આવી જાય છે. આમા મૃત્યુનો સમય કાઢી શકાય છે.

## લાખો નિરાશાઓમાં અમર આશા છુપાયેલી રહે છે !

જીવનમાં બધું જ પ્રમાણમાં મળે તો સારૂ છે પણ જો કાંઈ વધુ મળે તેમ ઈચ્છીએ તો કાંઈ ગુમાવવું પડે છે જેથી "નથી" તેના પણ જે લાભો રહેલા છે તે વિશે જાણીએ.

| | | |
|---|---|---|
| મોટુ ઘર નથી | : | ઘરની સાફસફાઈની તકલીફ ઓછી, દેખરેખ સારસંભાળ ઓછી, અતીથીની આવજા ઓછી. ઘરની વસ્તુઓ તથા વ્યક્તિ પર પુરતું ધ્યાન રહે. |
| બેન્ક બેલેન્સ નથી | : | રોજનું કમાવવું રોજનું ખાવું, બિંધ્ધાસ્ત જીવન, ન ચોરી નો ભય ન ટેકસની ચિંતા. |
| સમય નથી | : | નવરો બેઠો નખોદ વાળે. પહેલાનાં કામમાં મસ્ત. સમયના અભાવે પારકી પંચાત-પરપંચથી મુકતી. |
| પુત્ર નથી | : | કપૂતની ચિંતાથી મુકતી. |
| કન્યારત્નનો સુખ નથી | : | કન્યાના લગ્નની જવાબદારીથી મુકતી. |
| પત્ની નથી | : | જીવનના બંધનોથી મુકતી. |
| ભાઈ-બેનનું સુખ નથી | : | સંપત્તિમાં ભાગ પાડવાની ચિંતા નથી. |
| જ્ઞાન નથી | : | અજ્ઞાનના કારણે ઘણી બાબતોમાંથી માફી મેળવી શકાય છે. |
| હોશીયારી નથી | : | મોટી જવાબદારીઓમાંથી મુક્તિ. ઘણા લોકો આવી વ્યક્તિને પસંદ કરે છે, કારણ કે વ્યક્તિ સાદો ને સરળ છે. |
| લાગણી, હૃદય નથી | : | હાર્ટએટેકની શક્યતા ઓછી. |
| નોકરી કે કામકાજ નથી | : | પૈસાની કદર કરતાં શીખી શકાય છે. |
| મોબાઈલ નથી | : | બિન જરૂરી કૉલ ની ઉપાધી નથી. |
| ટી.વી. નથી | : | ખોટા-ભ્રમિત પ્રોગ્રામ તથા સમય, ઈલેક્ટ્રીક વગેરેના ખર્ચમાં બચત. |
| જીવન દુઃખી, સુખ નથી | : | મૃત્યુનો ભય નથી. |
| ઘણું બધું નથી | : | જે છે તેમાં સંતોષ માણવાનો આનંદ માણી શકાય છે. |

આ બધું લખવા-વાંચવા કે વિચારવા કે સમજવાની ઈચ્છા નથી તો તમે જીવનમાં ઘણું બધુ ગુમાવો છો.

**- મદનકુમાર વાસુદેવ ભાટિયા**
દ્વિતીય વર્ષ વિદ્યાર્થી

# પુરૂષાર્થ મોટો કે પ્રારબ્ધ મોટું

એક મદારી હતો એણે એક દિવસ સંકલ્પ કર્યો કે આજે એક નાગ પકડવોજ છે. એક રાત્રે એણે એના સાધનો સાથે એક વૃક્ષ પર ચઢી સંકલ્પ કર્યો કે નાગ પકડાય પછી જ ભોજન કરીશ. રાત વિતતી જતી હતી મદારીને ભુખ પણ લાગતી હતી પણ નાગ પકડાય પછીજ ભોજનના સંકલ્પનું શું? આખરે તેને નાગ દેખાયો મદારી એ તેને સાધનો દ્વારા પકડી લીધો, પોતાની સાથે લાવેલી ટોપલીમાં પુરી દીધો. હવે મદારીએ ખુબજ શાંતીથી પોતાનું ભાથું ખોલી ભોજન આરોગવા બેસી આનંદથી ભોજન કર્યા બાદ એની આંખો ઘેરાવા માંડે છે, ટોપલી વ્યવસ્થિત બાજુમાં મુકી આડો પડે છે.

મદારી થાક તથા ઉજાગરને કારણે ગાઢ ઉંઘમાં સરી જાય છે, આ બાજુ ભુખ્યા ઉંદરો ખોરાકની શોધમાં ટોપલી જોઈ એમાંથી કાંઈક ખાવાનું મળશે એવી આશા સાથે ટોપલીમાં બાકોરૂ પાડવાનું શરૂ કરે છે. ટોપલીમાં રહેલો નાગ ટોપલીની બહાર હલચલ સાંભળી સાવધાન થઈ જાય છે, એણે વિચાર્યું શાંતીથી જોતો રહું શું થઈ રહ્યુ છે. ઉંદરોએ ટોપલીમાં બાકોરૂ પાડી નાખ્યું, અંદર નાગ ખુબ જ ધીરજ અને શાંતીથી બધુ જોઈ રહ્યો હતો. જેવું એક ઉંદરે મોઢું નાખ્યું નાગે પોતાના મોઢામાં ઉંદરનું મોઢું નાખી ખુબજ શાંતીથી ટોપલીમાંથી બહાર નીકળી ગયો. બહાર બાકીના ઉંદરો એ જોઈ ભાગી છુટયાં. નાગ ઝાડીઓમાં આગળ નીકળી ગયો.

થોડી વારે મદારી થાક ઉતારી જાગે છે. હાથ મ્હોં ધોઈ ટોપલી વાળી કાવડ ખભે ચડાવે છે. એને કાવડ થોડી હલ્વી લાગી પણ મનમાં વિચાર કરે છે કે આરામ કર્યો એટલે એવું લાગતું હશે. આગળ વધે છે, પણ ફરી મનમાં શંકા જાગે છે તપાસ કરી જ લઉં. ટોપલી ખોલી જુએ તો નાગ નથી, ટોપલી ખાલી. મદારીને ખુબ જ દુઃખ થાય છે કે આખી રાત જાગી નાગ તો પકડાયો, પણ આરામ કરવામાં બધી મહેનત નકામી ગઈ. ખુબજ પસ્તાવા સાથે ઘર તરફ આગળ વધે છે. ઘેર આવી તે રાત્રી દરમ્યાન ઘટેલી ઘટના ઘરવાળાને કહે છે પણ કોઈ જ એની વાત માનવા તૈયાર ન હતું. પકડાયેલો નાગ ટોપલી કાતરી બાકોરૂ પાડી ભાગતો હશે? કોઈ જ માનતુ નથી....

હવે ઉપરોક્ત ત્રણ પાત્રો મદારી, ઉંદર અને નાગ આ લોકોમાં કોનું પ્રારબ્ધ અને કોનો પુરૂષાર્થ કામ કરી ગયો? પ્રારબ્ધ મોટું કે પુરૂષાર્થ મોટો?



૧) મદારીએ આખી રાત જાગી ભુખ્યા તરસ્યા રહી નાગ પકડયો એ મદારીનો પુરૂષાર્થ હતો. પરંતુ આટલી બધી મહેનત કર્યા બાદ તેના હાથમાં કાંઈજ ન રહ્યું માટે મદારીની બાબતમાં પુરૂષાર્થ કરતાં પ્રારબ્ધ મોટું દેખાય છે.



૨) ઉંદરો બધાએ ભેગા મળી ખોરાકની લાલચમાં પુરૂષાર્થ કર્યો બાકોરું પાડયું એકે અંદર ડોકીયું કર્યું, ખોરાકને બદલે મોતને ભેટયો, માટે અહીં પણ પુરૂષાર્થ કરતાં પ્રારબ્ધ જ કામ કરી ગયું.



3) હવે નાગનો વિચાર કરીએ તો એણે પુરૂષાર્થ કરવાનો મોકો જ નહોતો કારણ કે એ તો ટોપલીમાં બંધ હતો એણે શાંતી અને ધીરજ જાળવી પુરૂષાર્થ પર ભરોસો કરી તક ઝડપી. મૂકદ્રષ્ટા ન બની નાગ પોતાના મોઢામાં ઉંદરનું મોઢું નાખી ખુબજ શાંતીથી ટોપલીમાંથી બહાર નીકળી ગયો, એને મનગમતા ખોરાક અને બંધનમાંથી મુકિત એક સાથે મળ્યા અહીં પુરૂષાર્થ અને પ્રારબ્ધ સાથે કામ કરી ગયા.

ઉપરોક્ત ત્રણે બાબતો પરથી એકજ બોધ લેવો રહ્યો કે પુરૂષાર્થ સતત કરતાજ રહેવું કારણ કે કરવું આપણા જ હાથમાં છે પરંતુ હોવું કે થવું આપણા હાથની વાત નથી., પુરૂષાર્થ અને પ્રારબ્ધ સિક્કાની બે બાજુઓ છે. નાગના ઉદાહરણમાં જુઓ અણીના સમયે બેસી ન રહેતા ખોરાક અને મુકિત એક સાથે દેખાતા સમયોક્ત પુરૂષાર્થ કરવાથી ઉચિત ફળ મેળવી શકાય છે અને જ્યોતિષમાં સમય એટલે દશા દ્વારા જીવનમાં ઉચિત સમયે કાર્યો માટેનો પુરૂષાર્થ પ્રારબ્ધના દરવાજા ખોલે છે.

- અશોક ચૌહાણ

જો તમે ભૂલોને રોકવા માટે દરવાજા બંધ કરી દેશો તો સચ્ચાઈ પણ બહાર રહી જશે.

## વૈદિક જ્યોતિષ સંસ્થાન ૨૦૧૩ની ગુરૂપૂર્ણિમાનાં શુભ અવસર પર
## સર્વતોભદ્રચક્ર દ્વારા બજારોના તથા શેરબજારના તેજી મંદીના વર્તારા પર વિચાર

આમતો સર્વતોભદ્રચક્રનો ઉપયોગ જગતના બધાજ પ્રશ્નોના ઉકેલ માટે કરવામાં આવે છે. આ સર્વતોભદ્રચક્રમાં ૨૭ નક્ષત્રો ઉપરાંત ૨૮મું અભિજીત નક્ષત્ર પણ લઈ જગતના સજીવ, નિર્જીવ, લાભ, હાનિ, મુહૂર્ત, યાત્રા, વાસ્તુ, સુખ, દુઃખ, યશ, જન્મ, મૃત્યુ, ચર, અચર, ધાતુ, મૂલ, જીવ, વ્યક્તિ, દેશ, રાજ્ય, રાજા, યુદ્ધ, વિગ્રહ, હાર, જીત, શાંતિ, સંધી, કુદરતી આફતો, ધરતીકંપો, સામૂહિક મૃત્યુ, રોગચાળા, વર્ષા, અતિવૃષ્ટી, અનાવૃષ્ટી, પશુ, પક્ષી, સોના, ચાંદી, ખેતપેદાશ, ધાન્ય, અનાજ, કઠોળ, બીયારણ, તેલીબીયા, કપાસ, મરી, મસાલા, તેજાના વગેરે વગેરે બધીજ બાબતોના વર્તારા કરી શકાય છે.

આ સર્વતોભદ્રચક્ર દ્વારા મુખ્ય ત્રણ બાબતો ૧) ધાતુ સંજ્ઞક ચરસ્વભાવ રાશિ જે મેષ, કર્ક, તુલા અને મકર જેના દ્વારા દરેક પ્રકારનો દાનપદાર્થ, સોના, ચાંદી, દરેક પ્રકારની મૂલ્યવાન તથા દરેક ધાતુઓ સમાય છે. ૨) મૂલ સ્થિરસ્વભાવ સંજ્ઞક રાશિ વૃષભ, સિંહ, વૃશ્ચિક અને કુંભ જેના દ્વારા દરેક પ્રકારની ખેત પેદાશો, બીયારણો, તેલ, કપાસ, અનાજ, કઠોળ, વનસ્પતિ, જડીબુટી વગેરે... ૩) જીવ સંજ્ઞક દ્વિસ્વભાવ રાશિ જે મિથુન, કન્યા, ધનુ અને મીન જેના દ્વારા દરેક પ્રકારની જીવંત વસ્તુ, મનુષ્ય, પશુ, પક્ષી, જીવ-જંતુ વગેરે સમાયું છે.

સર્વતોભદ્રચક્રમાં પંચકનું ખુબજ મહત્વ છે. જે તિથિ, નક્ષત્ર, રાશિ, સ્વર અને વર્ણ આ પાંચ મળીને પંચક કહેવાય છે, અહીં પંચકના વેધ દ્વારા ફળકથન કરવામાં આવે છે, વેધ એટલે સુક્ષ્મ દ્રષ્ટિ, એક ચોક્કસ બિંદુ પર કિરણ જેવી વેધક સુક્ષ્મ દ્રષ્ટિ. અહી પાંચેય ને ૨૦ ટકા જેટલું પરિણામ આપનાર કીધા છે. પાંચેય મળીને ૧૦૦ ટકા પરિણામ મળે છે.

આપણે આજે શેરબજારોમાં થતી તેજી મંદી પર વાત કરીશું. શેર બજારની રાશિ મકર રાશિ છે. પણ ગ્રહ તરીકે બજાર, વ્યવસાય, ધંધા વ્યાપાર પર સૂર્ય મુખ્ય ભાગ ભજવે છે. સૂર્ય પોતાના તેજોમય કિરણો દ્વારા બ્રહ્માંડમાં જીવસૃષ્ટિને વિવિધ ઋતુઓ દ્વારા જીવન જરૂરી વૃક્ષો, વનસ્પતિ, વનો, જંગલો, વાતાવરણમાં પંચતત્વો દ્વારા સંકલન કરે છે. અહીં પાંચ તત્વો અગ્નિ, પૃથ્વી, વાયુ, જલ અને આકાશ અને ગ્રહોદ્વારા મંગળ-અગ્નિ, બુધ-પૃથ્વી, શનિ-વાયુ, શુક્ર-જલ તથા ગુરૂ-આકાશ તત્વનું પ્રતિનિધિત્વ કરે છે. આ બધા સૂર્યના આદેશ અનુસાર કાર્ય કરે છે. આ સાથે રાશિના તત્વો, સ્વભાવો, ગુણધર્મ, બળાબળ અનુસાર બજારોની તેજી-મંદી અને ભરાવો કે અછત પર ભાગ ભજવે છે. આ બધીજ ગતિ વિધી ના ફળો ચંદ્ર દ્વારા પૃથ્વી સુધી પહોંચે છે. આ ચંદ્ર પ્રાણીઓના મન પર અસર કરનારો હોવાથી ચંદ્રની પ્રત્યેક ગતિવિધીની અસરો માનવ મન પર પડતી હોય છે. ચંદ્ર બધા જ ગ્રહો તરફથી મળતા કિરણો અને સૂચનો પૃથ્વી પર પહોંચાડે છે, ચંદ્રનો તથા ગ્રહોના શુભ વેધ દ્વારા.

ચંદ્રના દરેક ચરણ એટલે કે નવાંશ પ્રવેશ સાથે સાથે બજારોમાં ચઢાવ ઉતાર ના આંચકા તથા કોઈ એક તરફ ઝોક ઉભો કરે છે. એક તરખી વેચવાલી કે લેવાલી નો વંટોળ લાવે છે. એ ઉપરાંત મંદ ગતિના ગુરૂ-શનિ-રાહુના પરિભ્રમણ અને વિશિષ્ટ યોગો લાંબા ગાળાની તેજી-મંદી કરાવનારા ગ્રહો છે. તેઓની આ અસરો રાશિના તત્વો અનુસાર થતી હોય છે. પૃથ્વી અને વાયુ તત્વોની રાશિમાં આ દરના બજાર ઉપર લઈ જઈ સ્થિરતા આપે છે.


સૂર્ય જે બાર મહિનામાં બાર રાશિનું ભ્રમણ કરે છે તેમાં જલ તત્વની રાશિ઼ઓ કર્ક, વૃશ્ચિક અને મીન વખતે મંદીના મહિના છે. વાયુ અને પૃથ્વી તત્વની રાશિ મિથુન, તુલા અને કુંભ અને વૃષભ, કન્યા અને મકર વખતે તેજી બતાવે છે. અગ્નિ તત્વની રાશિ મેષ, સિંહ અને ધન દરમ્યાન બજાર મધ્યમ રાખે છે.

હવે આપણે ગ્રહો આધારીત વસ્તુઓ પર એક અવલોકન કરીશું સૂર્ય-મંગળ-શનિ : દવા બનાવનારી કંપની (ફાર્માસ્યુટીકલ), સૂર્ય-મંગળ : તાંબુ, સૂર્ય-શનિ : એલ્યુમિનીયમ, સૂર્ય-બુધ-ગુરૂ : બેંકના શેરો, સૂર્ય-ગુરૂ-શનિ : ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટીવ બેંકો, સૂર્ય-શુક્ર-નેપચ્યુન : મોટી ફિલ્મ કંપની, ચંદ્ર-શનિ-રાહુ : ખાતર (ફર્ટીલાઈઝર), મંગળ-શનિ : ધાતુ, યંત્રો બનાવનાર કંપની, મંગળ-બુધ : સોફ્ટવેર-હાર્ડવેર, મંગળ-ગુરૂ-શનિ : સિમેન્ટ, ચુનો, મંગળ-બુધ-શનિ : દ્વિચક્રી વાહનો, મંગળ-શનિ : ખડતલ વાહનો, જીપ, અર્થમૂવર, ડંપર, ક્રેન, બુધ-ગુરૂ-શુક્ર : ઉન, વુલ, બુધ-ગુરૂ-ચંદ્ર : વસ્ત્રો, કાપડ, ટેક્ષટાઈલ, યાર્ન, બુધ-શુક્ર-નેપચ્યુન : ટેલિ કમ્યુનિકેશન, ટીવી, ઈન્ટરનેટ, ગુરૂ-શનિ : ચા, મોટા વાહનો, ગુરૂ-શનિ-રાહુ : કોફી, કોકો, રબર, ટાયર, સાબુ, શુક્ર-શનિ-રાહુ : ખનીજ, પેટ્રોલિયમ, શુક્ર-શનિ : હીરા, કાચમંડ, શનિ-રાહુ : રીફાઈનરી, શનિ : ખેત પેદાશ, કાચુ રબર, સુગર ફેક્ટરી, ગોળ, તેલ, તેલની ઘાણી, ખનીજ, શનિ-મંગળ-હર્ષલ : મકાન બાંધકામ, મોટા પુલ-ડેમ બાંધનારી કંસ્ટ્રક્શન કંપની.

ચંદ્રનો તથા ગ્રહોના શુભ વેધ દ્વારા બજારમાં જેતે ગ્રહને લગતી વસ્તુનો કે પાકનો ભરાવો કરે છે ત્યારે તેના શેરમાં ઘટાડો તથા અશુભ ચંદ્ર કે ગ્રહનો વેધ તથા બજારમાં જેતે ગ્રહની લગતી વસ્તુનો કે પાકની અછત થતાં તેના શેરોનો ભાવ ઉંચો જાય છે.

ઉપરોક્ત બધી બાબતોનો દેશ, કાળ, રાજકીય પરિસ્થિતી, સરકારની નીતી, જાતકની પોતાની દશાનો વિચાર કરી ધીમે મક્કમ તથા ધીરજ ધરી આગળ વધવું.


**- અશોક ચૌહાણ**



# વૈધકીય જ્યોતિષ દ્વારા રોગ અને તેના ઉપચાર

જ્યોતિષ શાસ્ત્રનું એક અગત્યનું અંગ એટલે મેડીકલ એસ્ટ્રોલોજી. આ શાખામાં પણ કાળપુરૂષના અંગ પ્રમાણે દરેક રાશિને જુદા-જુદા અંગ આપવામાં આવેલ છે. જેમકે ૧) **મેષ** રાશિમાં માથુ, ચહેરો, મસ્તક ૨) **વૃષભ**માં ગરદન, સાંધા, ગળાનો અંદરનો ભાગ, કંઠ ૩) **મિથુન**માં હાથ અને ખભા, ફેફસા, લોહી અને માંસ, બાહુના હાડકા તથા લોહી ૪) **કર્ક**માં છાતી તથા પેટનો અંદરનો ભાગ, ગળાની હાંસડી તથા છાતીના હાડકા ૫) **સિંહ**માં પીઠ, કમર, હૃદય, કરોડરજ્જુનું હાડકું ૬) **કન્યા**માં પેટ, પીઠના નાના નાના હાડકા ૭) **તુલા**માં ચામડી ૮) **વૃશ્ચિક**માં ગુદાદ્વાર, લિંગ તથા જાંગ ૯) **ધનુ**માં કમર તથા નાડી ૧૦) **મકર**માં ઘૂંટણ, હાડકાનાં સાંધા ૧૧) **કુંભ**માં પગ, પાચન વિભાગ તથા ૧૨) **મીન**માં એડી, પંજા તથા પંજાનો નીચેનો ભાગ. આ જ રીતે ગ્રહો પણ પોતાની રાશિ પ્રમાણે તે અંગોમાં આવતા અવયવો ઉપર અમલ ધરાવે છે. આ રીતે રાશિ અને તેના સ્વામીની સાથે સાથે જો ભાવ અને તેના સ્વામીનો પણ વિચાર કરવામાં આવે તો વધુ ચોક્કસ નિદાન કરી શકાય છે. જે રાશિ પાપયુક્ત કે પાપદ્રષ્ટ હોય તે રાશિને લગતું અંગ રોગયુક્ત થશે તેમ સમજી શકાય છે.

ઉદા. સાથે આપેલી કુંડળીમાં જોતાં છઠ્ઠા ભાવનો સ્વામી શનિ ભાગ્ય સ્થાનમાં સ્થિત છે જે દીર્ઘ રોગ આપે છે. વળી છઠ્ઠા ભાવમાં સ્થિત રાહુની રાશિનો સ્વામી શનિ રાહુના પ્રભાવથી મલિન તથા દીર્ઘકાલીન રોગનો પ્રભાવ દર્શાવે છે. આ પ્રભાવ નવમા ભાવ પર પડી રહેલો છે અને નવમ ભાવનો સ્વામી શુક્ર, પંચમ ભાવમાં મિત્ર રાશિમાં પરંતુ સૂર્યની સાથે અસ્તનો છે. વળી શુક્ર, શનિની રાશિમાં છે જે છઠ્ઠા ભાવનો સ્વામી છે. શુક્ર વ્યયેશ સૂર્ય સાથે યુતિમાં છે અને સિંહ રાશિમાં કેતુ સ્થિત હોવાથી તેનો ખરાબ પ્રભાવ શુક્ર પર પડે છે. અષ્ટમેશ મંગળની પૂર્ણ દ્રષ્ટિ શુક્ર ઉપર પડે છે. ધન રાશિનો સ્વામી ગુરૂ નીચનો છે જે રાશિ કાળપુરૂષની કુંડળીમાં નવમ ભાવની રાશિ છે. આ ધન રાશિ પર પણ મંગળની દ્રષ્ટિ છે, બુધ લગ્નેશ થઈને સૂર્ય સાથે હોવાથી પાપી બને છે. આ સ્થિતિમાં ભાગ્યેશ શુક્ર પર પૂરતો પાપ પ્રભાવ છે. ભાગ્ય ભાવ, ભાગ્યેશ, નવમી રાશિ ધનુ અને તેનો સ્વામી ગુરૂ બધા જ ગ્રહો પાપયોગમાં છે તેથી આ વ્યક્તિના શરીરનો નવમો ભાગ કે જેમાં જાંઘ, કમર સમાય છે તે ભાગ વ્યાધિગ્રસ્ત થઈ શકે. એટલે કે આ વ્યક્તિ અપંગ બની શકે.



**વૈધકીય ફળાદેશ માટે કેટલીક ચાવીઓ :-**

(૧) પાંચમો ભાવ, પાંચમા ભાવનો સ્વામી, સૂર્ય અને સિંહ રાશિ જો રાહુ કે કેતુ અથવા શનિ દ્વારા પીડિત હોય તો હૃદયરોગ થવાની શક્યતા રહે છે.

(૨) જે ભાવ, જે રાશિ અને તેના સ્વામી, શનિ, રાહુ, કેતુ થી પ્રભાવિત હોય, છઠ્ઠું સ્થાન, વ્યયસ્થાન તથા સૂર્ય પણ જો આ પાપગ્રહો સાથે ખરાબ યોગમાં હોય તો કેન્સર થવાની શક્યતા રહે છે.

(૩) ચોથો ભાવ, ચોથા ભાવનો સ્વામી, ચોથી રાશિ અને તેનો સ્વામી ચંદ્ર જ્યારે શનિ, રાહુ જેવા પાપગ્રહોના પ્રભાવમાં આવે છે ત્યારે ક્ષયરોગ થવાની શક્યતા ઉભી થાય છે.

(૪) બુધ જ્યારે લગ્નમાં સૂર્યની સાથે અથવા ચંદ્રની સાથે બેઠો હોય અને પાપયુક્ત - પાપદ્રષ્ટ હોય તો ચામડીનો રોગ ઉભો થાય.

(૫) લગ્નેશનું નીચની રાશિમાં હોવું પણ રોગ ઉત્પન્ન કરી શકે છે. કારણ કે ગ્રહ જ્યારે લગ્નનો સ્વામી બને ત્યારે શરીરના તે ભાગનું વધુ પ્રતિનિધિત્વ કરે છે.

**- બીના જોશી**

કોઈનાં ગુણોનાં વખાણ કરવામાં તમારો કીમતી સમય બરબાદ ન કરો. બલકે એમનાં ગુણોને તમે અપનાવવાની કોશિશ કરો.

## VEDIC JYOTISH SANSTHAN

## RESULT

### VEDIC JYOTISH PRAVESH

| *No.* | *Name of the Student* | *Class* | *Marks* |
|---|---|---|---|
| 1 | MEENA B. RANDERIA | DISTINCTION | 87 |
| 2 | MINAL M. DIXIT | DISTINCTION | 86 |
| 3 | CHAITALI H. PARMAR | DISTINCTION | 83 |
| 4 | RAMESH H. RAVAL | DISTINCTION | 83 |
| 5 | VARSHA D. RAVAL | DISTINCTION | 81 |
| 6 | AADITYAKUMAR P. JAIN | DISTINCTION | 80 |
| 7 | BRIJESH D. OZA | DISTINCTION | 80 |
| 8 | NITESH H. JANI | DISTINCTION | 80 |
| 9 | SANGEETA U. BHATT | DISTINCTION | 76 |
| 10 | JAYESH H. WAGHELA | DISTINCTION | 76 |
| 11 | NIRMAKSHI U PARIAWALA | FIRST | 75 |
| 12 | SAPANA PANDYA | FIRST | 75 |
| 13 | JIGNESH DHRUVE | FIRST | 73 |
| 14 | CHARULATA R. PUROHIT | FIRST | 72 |
| 15 | HEENA V. OZA | FIRST | 72 |
| 16 | PRAVINCHANDRA MEWADA | FIRST | 70 |
| 17 | VEENA A. MORJARIYA | FIRST | 69 |
| 18 | POONAM C. GANATRA | FIRST | 68 |
| 19 | HARESHKUMAR U. PANDYA | FIRST | 68 |
| 20 | PRADIP V. JOSHI | FIRST | 67 |
| 21 | KUNAL B. SHAH | FIRST | 66 |
| 22 | VISHWA M. MAGIYA | FIRST | 65 |
| 23 | CHETAN B. PANDYA | FIRST | 63 |
| 24 | SHUBDA PAVAR | FIRST | 63 |
| 25 | BHAVANA K. DHAMI | FIRST | 61 |
| 26 | RAMILA R. VAGHAN | FIRST | 61 |
| 27 | DARSHIT A. VORA | FIRST | 61 |
| 28 | RAJUL R. MEHTA | SECOND | 59 |
| 29 | MADANKUMAR V. BHATYA | SECOND | 59 |
| 30 | ANIL B. AABHANI | SECOND | 59 |
| 31 | HASMUKH S. BHUPTANI | SECOND | 58 |
| 32 | VIRAL M. MEHTA | SECOND | 58 |
| 33 | BHAJTESH JOSHI | SECOND | 58 |
| 34 | CHANDRAKANT R. KAPADIA | SECOND | 56 |
| 35 | NAVIN J. CHAVADA | SECOND | 54 |
| 36 | BHAVIN PAREKH | SECOND | 54 |

# RESULT

## VEDIC JYOTISH PRAVESH

| *No.* | *Name of the Student* | *Class* | *Marks* |
|---|---|---|---|
| 37 | MANGESH R. VAJA | SECOND | 52 |
| 38 | LATA JOSHI | SECOND | 52 |
| 39 | DEVYANI H. BATHIA | SECOND | 47 |
| 40 | MEENA K. PURANI | SECOND | 45 |
| 41 | NARENDRA D. MISTRY | SECOND | 43 |
| 42 | P. V. SUBBHARAO | SECOND | 41 |
| 43 | BHAVANA SHAH | PASS | 36 |
| 44 | VIJAY JAGAD | PASS | 35 |
| 45 | MEENA V. JAGAD | PASS | 35 |

## VEDIC HAST REKHA VIGNYATA

| *No.* | *Name of the Student* | *Class* | *Marks* |
|---|---|---|---|
| 1 | SAPANA PANDYA | DISTINCTION | 95 |
| 2 | PRADIP V. JOSHI | DISTINCTION | 93 |
| 3 | MEENA B. RANDERIA | DISTINCTION | 92 |
| 4 | JAYESH H. WAGHELA | DISTINCTION | 91 |
| 5 | CHAITALI H. PARMAR | DISTINCTION | 90 |
| 6 | JIGNESH DHRUVE | DISTINCTION | 89 |
| 7 | CHETAN B. PANDYA | DISTINCTION | 87 |
| 8 | BRIJESH D. OZA | DISTINCTION | 85 |
| 9 | HARESHKUMAR U. PANDYA | DISTINCTION | 84 |
| 10 | MINAL M. DIXIT | DISTINCTION | 84 |
| 11 | PRAVINCHANDRA MEWADA | DISTINCTION | 83 |
| 12 | SHUBDA PAVAR | DISTINCTION | 83 |
| 13 | RAJUL R. MEHTA | DISTINCTION | 81 |
| 14 | JAYNARAYAN RUSH | DISTINCTION | 81 |
| 15 | VIRLA M MEHTA | DISTINCTION | 81 |
| 16 | KUNAL B. SHAH | DISTINCTION | 80 |
| 17 | BHAVANA K. DHAMI | DISTINCTION | 79 |
| 18 | HASMUKH S. BHUPTANI | DISTINCTION | 79 |
| 19 | HINA V. OZA | DISTINCTION | 79 |
| 20 | POONAM C. GANATRA | DISTINCTION | 79 |
| 21 | RAMESH K. RAVAL | DISTINCTION | 78 |
| 22 | KETAN B. KANSARA | DISTINCTION | 76 |
| 23 | KISHOR J. SODHA | DISTINCTION | 76 |
| 24 | BHAVIN PAREKH | FIRST | 75 |

ગુસ્સો અને નિરાશાનાં હલેસા વડે જિંદગીની નાવ ચાલશે નહિ.

## RESULT

### VEDIC HAST REKHA VIGNYATA

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 25 | LATA JOSHI | FIRST | 75 |
| 26 | BHAJTESH JOSHI | FIRST | 75 |
| 27 | SHAILESH C. DAVE | FIRST | 75 |
| 28 | NIRMAKSHI PARIAWALA | FIRST | 74 |
| 29 | SANGEETA U. BHATT | FIRST | 73 |
| 30 | ANIL B. AABHANI | FIRST | 73 |
| 31 | VEENA A. MORJARIYA | FIRST | 72 |
| 32 | VARSHA D. RAVAL | FIRST | 71 |
| 33 | VISHWA M. MAGIYA | FIRST | 71 |
| 34 | MADANKUMAR V. BHATYA | FIRST | 71 |
| 35 | VINATA P. PANDEY | FIRST | 71 |
| 36 | RAMILA R. VAGHAN | FIRST | 70 |
| 37 | DARSHIT A. VORA | FIRST | 70 |
| 38 | NILESH K. JANI | FIRST | 68 |
| 39 | DEVAYANI H. BATHIA | FIRST | 67 |
| 40 | HARIN K. PURANI | FIRST | 67 |
| 41 | NARENDRA D. MISTRY | FIRST | 64 |
| 42 | CHARULATA R. PUROHIT | FIRST | 63 |
| 43 | MEENA K. PURANI | SECOND | 58 |
| 44 | BHAVANA SHAH | SECOND | 57 |
| 45 | AADITYAKUMAR P. JAIN | SECOND | 56 |
| 46 | P. V. SUBBARAO | SECOND | 54 |
| 47 | NAVIN J. CHAVADA | SECOND | 53 |
| 48 | MANGESH R. VAJA | SECOND | 51 |
| 49 | VIJAY JAGAD | PASS | 35 |
| 50 | MEENA V. JAGAD | PASS | 35 |

### VEDIC VASTU PRAVESH

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 1 | SANGITA H. MAMTORA | DISTINCTION | 88 |
| 2 | MEENA B. RANDERIA | DISTINCTION | 85 |
| 3 | HINA V. OZA | DISTINCTION | 84 |
| 4 | RAMESH K. RAVAL | DISTINCTION | 79 |
| 5 | AADITYAKUMAR P. JAIN | DISTINCTION | 78 |
| 6 | SHUBHADA PAWAR | DISTINCTION | 77 |
| 7 | VARSHA D. RAVAL | FIRST | 74 |
| 8 | RUPESH J. MOTA | FIRST | 74 |

# RESULT

## VEDIC VASTU PRAVESH

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 9 | RAJUL R. MEHTA | FIRST | 73 |
| 10 | VEENA A. MORJARIYA | FIRST | 73 |
| 11 | POONAM C. GANATRA | FIRST | 73 |
| 12 | VISHWA M. MAGIYA | FIRST | 71 |
| 13 | CHAITALI H. PARMAR | FIRST | 71 |
| 14 | NIRMAKSHI U. PARIAWALA | FIRST | 69 |
| 15 | CHETAN B. PANDYA | FIRST | 69 |
| 16 | SANGEETA U. BHATT | FIRST | 67 |
| 17 | SAPANA PANDYA | FIRST | 67 |
| 18 | BHAVANA K. DHAMI | FIRST | 64 |
| 19 | MINAL M. DIXIT | FIRST | 63 |
| 20 | JAYNARAYAN RUSH | SECOND | 60 |
| 21 | CHARULATA R. PUROHIT | SECOND | 58 |
| 22 | VIRAL M. MEHTA | SECOND | 58 |
| 23 | VIPUL V. GALA | SECOND | 58 |
| 24 | ANIL B. AABHANI | SECOND | 58 |
| 25 | PRADIP V. JOSHI | SECOND | 57 |
| 26 | MANGESH R. VAJA | SECOND | 56 |
| 27 | JIGNESH DHRUVE | SECOND | 55 |
| 28 | RAMILA R. VAGHAN | SECOND | 52 |
| 29 | AARTI DAVE | SECOND | 51 |
| 30 | LATA JOSHI | SECOND | 47 |
| 31 | BHAVANA SHAH | SECOND | 46 |
| 32 | MADANKUMAR V. BHATIA | SECOND | 44 |
| 33 | NARENDRA D. MISTRY | SECOND | 43 |
| 34 | BHAJTESH JOSHI | SECOND | 43 |
| 35 | DHARA J. RUSHI | SECOND | 42 |
| 36 | CHANDRAKANT R. KAPADIA | PASS | 39 |

## VEDIC JYOTISH BHUSHAN

| No. | Name of the Student | Class | Marks |
|---|---|---|---|
| 1 | DEEPTI TELI | DISTINCTION | 89 |
| 2 | SADHANA MASTER | DISTINCTION | 88 |
| 3 | MANNISH SHAH | DISTINCTION | 88 |
| 4 | JAYSHREE J. GADANI | DISTINCTION | 80 |
| 5 | ROHIT R. SHAH | DISTINCTION | 79 |
| 6 | VATSALA DOSHI | DISTINCTION | 78 |

# RESULT

## VEDIC JYOTISH BHUSHAN

| ***No.*** | ***Name of the Student*** | ***Class*** | ***Marks*** |
|---|---|---|---|
| 7 | ANJALI C. GORADIA | DISTINCTION | 77 |
| 8 | HARSHA J. PRAJAPATI | DISTINCTION | 76 |
| 9 | CHIRAG P. GANDHI | DISTINCTION | 76 |
| 10 | KOMAL V. SHAH | FIRST | 75 |
| 11 | MINAXI B. BHATT | FIRST | 75 |
| 12 | ARVIND N. SHAH | FIRST | 71 |
| 13 | NIYATI A. SAFI | FIRST | 67 |
| 14 | KEYURI DESAI | FIRST | 66 |
| 15 | NEENA P. MEHTA | FIRST | 65 |
| 16 | HEENA B. VASANI | FIRST | 64 |
| 17 | MAYUR P. VORA | FIRST | 63 |
| 18 | DEEPAK N. SAMPAT | FIRST | 62 |
| 19 | RAJESH S. MISTRY | FIRST | 62 |
| 20 | RAJESH R. TRIVEDI | SECOND | 56 |
| 21 | PARASHAR MEHTA | SECOND | 55 |
| 22 | PRAFULCHANDRA A. SHAH | SECOND | 54 |
| 23 | SURYAKUMAR MISHRA | PASS | 35 |
| 24 | JAYA R. SHAH | PASS | 35 |

## VEDIC VASTU BHUSHAN

| ***No.*** | ***Name of the Student*** | ***Class*** | ***Marks*** |
|---|---|---|---|
| 1 | DEEPTI TELI | DISTINCTION | 85 |
| 2 | NAYANA J. CHANDARANA | DISTINCTION | 83 |
| 3 | CHIRAG P. GANDHI | FIRST | 70 |
| 4 | DEEPAK N. SAMPAT | FIRST | 68 |
| 5 | HEENA B. VASANI | FIRST | 68 |
| 6 | JAYSHREE J. GADANI | FIRST | 68 |
| 7 | NEETA S. PANCHAL | FIRST | 68 |
| 8 | VATSALA DOSHI | FIRST | 66 |
| 9 | NEENA P. MEHTA | FIRST | 63 |
| 10 | HARSHA J. PRAJAPATI | FIRST | 61 |
| 11 | JIGNESH CHANDARAN | SECOND | 58 |
| 12 | ANJALI C. GORADIA | SECOND | 57 |
| 13 | RAJESH S. MISTRY | SECOND | 57 |
| 14 | KOMAL V. SHAH | SECOND | 57 |
| 15 | PARASHAR MEHTA | SECOND | 47 |
| 16 | BHAVIN LIMBACHIYA | PASS | 39 |

પુસ્તકો એ જીવતા જાગતા દેવતા છે. જેમની સેવા કરીને તરત જ વરદાન મેળવી શકાય છે.

# VEDIC JYOTISH SANSTHAN

## RESULT

### VEDIC SWARGYAN GNYATA

| *No.* | *Name of the Student* | *Class* | *Marks* |
|---|---|---|---|
| 1 | RAJESH S. MISTRY | DISTINCTION | 90 |
| 2 | VATSALA DOSHI | DISTINCTION | 89 |
| 3 | JAYSHREE J. GANDHI | DISTINCTION | 88 |
| 4 | ROHIT R. SHAH | DISTINCTION | 85 |
| 5 | HEENA B. VASANI | DISTINCTION | 85 |
| 6 | ANJALI C. GORADIA | DISTINCTION | 84 |
| 7 | HARSHA J. PRAJAPATI | DISTINCTION | 83 |
| 8 | MAYUR P. VORA | DISTINCTION | 82 |
| 9 | DEEPTI TELI | DISTINCTION | 81 |
| 10 | SADHANA MASTER | DISTINCTION | 79 |
| 11 | NIYATI A. SAFI | DISTINCTION | 78 |
| 12 | CHIRAG P. GANDHI | DISTINCTION | 77 |
| 13 | MINAXI B. BHATT | DISTINCTION | 76 |
| 14 | KOMAL V. SHAH | FIRST | 75 |
| 15 | NAYANA J. CHANDARAN | FIRST | 75 |
| 16 | JIGNESH CHANDARANA | FIRST | 70 |
| 17 | PRAFULCHANDRA A. SHAH | FIRST | 68 |
| 18 | DEEPAK N. SAMPAT | FIRST | 67 |
| 19 | NEENA P. MEHTA | FIRST | 65 |
| 20 | PARASHAR MEHTA | FIRST | 65 |
| 21 | KEYURI DESAI | FIRST | 64 |
| 22 | BHAVIN LIMBACHIYA | PASS | 38 |

### VEDIC JYOTISH MARTAND

| *No.* | *Name of the Student* | *Class* | *Marks* |
|---|---|---|---|
| 1 | HIREN BHAVASHAR | DISTINCTION | 84 |
| 2 | PINARKA R. MISTRY | DISTINCTION | 83 |
| 3 | MANISH S. JOSHI | DISTINCTION | 79 |
| 4 | TEJASH M. SHAH | FIRST | 73 |
| 5 | DIPTI M. THAKAR | FIRST | 72 |
| 6 | NEETA S. PANCHAL | FIRST | 71 |
| 7 | KISHOR V. JOSHI | FIRST | 70 |
| 8 | JYOTI N. SONI | FIRST | 68 |
| 9 | HARILAL V. MALDE | FIRST | 68 |
| 10 | YOGAN B. THAKAR | FIRST | 67 |
| 11 | GEETA MEHTA | FIRST | 62 |
| 12 | UMESH K. BHATT | SECOND | 58 |
| 13 | LALIT V. PADAYA | SECOND | 47 |

માનવી દાનવ બને એ એની હાર છે. માનવી મહાન બને એ એનો ચમત્કાર છે. પણ માનવી બને એ એની જીત છે.

# વૈદિક હિપ્નોસીસના જીવન માં ચમત્કાર

આપણા સમાજ માં હિપ્નોસીસ શબ્દને લઈને ઘણી અલગ અલગ માન્યતાઓ છે. આપણી સમજ માં હિપ્નોસીસ એટલે આપણું ધ્યાન બીજે દોરીને છેતરપીંડી કરવી એવું હોય છે.

પરંતુ આજના આધુનિક યુગમાં અર્ધજાગૃત મનની શક્તિનો વિકાસ કરી એને કાર્યરત કરવાની રીતને હિપ્નોસીસ કહેવાય છે.

આપણા જીવનના દરેક અનુભવ એક મન શરીરના અનુભવ છે. જેમાં મન અને શરીર એકજ શબ્દ સમજવો. મન અને શરીર અલગ છે જ નહીં. મનથી શરીરના અને જીવનના દરેક કાર્ય થાય છે.

ચાલો મનને સમજવાનો પ્રયાસ કરીએ, મન એટલે વિચારોનો એક સમૂહ જેમાં હર ઘડીએ વિચારો આવે અને જાય. હિપ્નોસીસ એટલે મનને સમજવાનું અને આપણી ઈચ્છા પ્રમાણે બદલવાનું વિજ્ઞાન.

જો આપણે આપણા મન વિષે જાણીયે અને એને સમજીયે કે એ કેવી રીતે કાર્ય કરે છે, કેવી રીતે આપણે આપણા જ વિચારો, માન્યતાઓ અને અનુભવોને લઈ ને જીવન જીવીએ છીએ. તો આજ મનની અપાર શક્તિઓથી આપણે આપણા જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવી શકીયે છીએ.

**હિપ્નોસીસ થી થતા ફાયદાઓ :**

મન અને શરીર પર નિયંત્રણ.

ઉંઘ, ભૂખ, રોગ, શારીરિક પ્રશ્નોમાં સુધાર.

ધ્યાન, યાદશક્તિ અને જાગૃતિમાં તેજી.

ઈચ્છા શક્તિનો વિકાસ કરી દરેક કાર્યમાં મનગમતા ફેરફાર

વાણી, વર્તન અને સંબંધોમાં હકારત્મકતા.

કાર્યક્ષેત્રમાં પ્રગતિ. આર્થિક સ્થિતીમાં સુધાર અને લક્ષ્ય સિદ્ધી.

ડર અને ભયની લાગણીથી રાહત.

આજના આધુનિક યુગમાં હિપ્નોસીસનો લાભ લઈ, જીવનમાં નવી ચેતનાથી આપણે આપણા અને બીજાના જીવનમાં ઘણાં બદલાવો લાવી શકીયે છીએ.

જરૂરત છે આપણાને આપણા અર્ધજાગૃત મનને જીવનના ધ્યેય માટે કાર્યરત કરવાની.

સેલ્ફ હિપ્નોસીસના પ્રયોગો એકદમ સરળ હોય છે જેની કોઈજ આડ અસર હોતી નથી.

આધ્યાત્મિકતા માં ધ્યાનને જ સેલ્ફ હિપ્નોસીસ તરીકે સમજી શકાય છે.

ધ્યાનના વિવિધ પ્રકાર જેમકે ઓમકાર, ત્રિનેત્રનું ધ્યાન, ત્રાટક, આંતરમનમાં જ્યોત ઉપર ધ્યાન, સો હમનું ધ્યાન ઇત્યાદી.

દિવસ દરમ્યાન થોડી સાધના કરવાથી ધ્યાન સહેલાઈથી લાગે છે અને ભૌતિક તેમજ આધ્યાત્મિક સફળતા પ્રાપ્ત થાય છે.

કલ્પેશ પટેલ – પ્રથમ વર્ષ વિદ્યાર્થી

# ગુરૂ પૂર્ણિમા મહોત્સવ ૨૦૧૨



















# ગુરૂ પૂર્ણિમા મહોત્સવ ૨૦૧૨

















VEDIC JYOTISH SANSTHAN

# અવકાશ દર્શન-૨૦૧૩

સમયનું ચક્ર ઝડપી ગતિથી ફરે છે. આ ઝડપી જીવનની ઝડપમાં આપણે ઘણી વખત કુદરતી રીતે બનતી ખગોળીય ઘટનાઓને ઝડપમાં વિસરી જઈએ છીએ અથવા તો આવી ખગોળીય અજાયબીઓને જોવાનો સમય ફાળવી શકતા નથી.

આપણું બ્રહ્માંડ અસંખ્ય કુદરતી ઘટનાઓથી ઘડાયેલું છે, જેની પૂરી સમજણ આજના માનવી પાસે હોય એવું સંભવ નથી. આવી અસંભવ માહિતીઓને લોકો સુધી પહોંચાડવા માટે વૈદિક જ્યોતિષ સંસ્થાને તા. ૨૩-૨-૨૦૧૩, શનિવારના રોજ M. K. E. S. શાળા ખાતે જીવંત તારાદર્શન કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં ૨૫૦-૩૦૦ જેટલા જ્યોતિષ જીજ્ઞાસુઓએ તેમના પરિવારજનો સાથે કાર્યક્રમમાં હાજર રહી કાર્યક્રમની શોભા વધારી.

સંપૂર્ણ રાત્રિ દરમિયાન ચાલી રહેલા તદ્દન નિઃશુલ્ક કાર્યક્રમમાં નહેરૂ પ્લાનેટોરિયમમાંથી આવેલા ખગોળશાસ્ત્રીઓએ અવકાશી રહસ્યો, ગ્રહોની ગતિ, તારામંડળ, નક્ષત્ર, રાશિઓ અને તેમનાં સ્વભાવ-પ્રભાવ વગેરેની માહિતી દૃશ્ય-શ્રાવ્ય (Side Show) ના માધ્યમ દ્વારા ત્યાં ઉપસ્થિત સહુને આપી. અવકાશમાં સ્થિત ૨૭ નક્ષત્રો, સપ્તઋષિ તારાઓ વગેરેથી લોકોને પરિચિત કર્યા.

થોડા સમય બાદ અવકાશમાં વિહરતા ગ્રહોએ રસિકોને પોતાના તરફ આકર્ષિત કર્યા. પોતાના મહાકાય કદ માટે જાણીતા જ્ઞાનના કારક ગુરૂને ટેલિસ્કોપની મદદથી જોતા સહુ આનંદ-વિભોર થઈ ગયા. સાથે સાથે દરરોજ પોતાની કળા બદલતા ચંદ્ર અને સાહસ અને પરાક્રમના પ્રતિક મનાતા મંગળ ગ્રહની છટાઓએ લોકોનો ઉત્સાહ વધાર્યો. અવકાશમાં કોસો દૂર સમાયેલ ગ્રહોને પોતાની સમક્ષ આટલા નજીકથી જોવાનો આનંદ લોકોના મુખ પર સ્પષ્ટપણે છલકી રહ્યો હતો.

અવકાશમાં કેન્દ્રીત થયેલા ગ્રહો અને નક્ષત્રોની દિવ્યતા જોવાની સાથે-સાથે સંસ્થાનના વિદ્વાનો દ્વારા આપેયેલ જ્યોતિષશાસ્ત્રના તર્ક-વિતર્કની માહિતી એ લોકોને શાસ્ત્ર પ્રત્યે જાગૃત કર્યા.

રાશિ અને ગ્રહોની સ્પષ્ટતા, વાસ્તુની વિવિધતા, અંકશાસ્ત્રના આંકડાઓનું મહત્વ, સ્વરજ્ઞાનની મહત્તા, શરીરમાં સમાયેલ સાત ચક્રોની વિશિષ્ટતાનું વર્ણન અધ્યાપકો દ્વારા કરવામાં આવ્યું.

કાર્યક્રમ દરમિયાન ચાલી રહેલા ચા-કોફી અને અલ્પહારની લ્હેજત બધાએ માણી, સવાર થતાંની સાથે બ્રહ્મમૂહર્તમાં કરાવેલા ધ્યાન અને ૐકારના નાદે વાતાવરણમાં તાજગી અને ઉમંગનો સંચાર કર્યો.

આખી રાત્રિ દરમિયાન ચાલી રહેલા કાર્યક્રમની મોજ બધાએ માણી, રાત્રિના મીઠા જાગરણ પછી મનમાં શાંતિ અને મુખ પર આનંદ સાથે, પૃથ્વીને પોતાના તેજસ્વી તેજથી પ્રકાશિત કરતા સૂર્યદેવના દર્શન કરી સહુએ વિદાય લીધી.

વૈદિક જ્યોતિષ સંસ્થાન દ્વારા દર વર્ષે યોજાતા આ અદ્‌ભુત કાર્યક્રમની સફળતાનો શ્રેય ત્યાં ઉપસ્થિત નાના-મોટા સહુને જાય છે. સાથે જ સંસ્થાનને સહકાર આપતી અને સંસ્થાનના પાયા હેઠળ કામ કરનારી વ્યવસ્થાપક સમિતિનો આભાર વ્યક્ત ન થાય તો કાર્યક્રમની સફળતા અધૂરી ગણાય, માટે વૈદિક જ્યોતિષ સંસ્થા વ્યવસ્થાપક સમિતિનો ખરા હૃદયથી આભાર વ્યક્ત કરે છે.

વૈદિક જ્યોતિષ સંસ્થાન દ્વારા આયોજિત થતાં આવા વિવિધ કાર્યક્રમો જ્યોતિષ વિદ્યા અને શાસ્ત્રને ટકાવી, જાળવી અને લોકો સુધી પહોંચાડવામાં સહાયરૂપ છે અને આવા જનકલ્યાણ કાર્યમાં સહભાગી થવું એ એક અલૌકિક આનંદની અનુભુતિ કરાવે છે.


॥ હરિ ૐ ॥

**ઝંખના દવે**
વૈદિક જ્યોતિષ સંસ્થાન


ઉકળતા પાણીમાં પ્રતિબિમ્બ ન દેખાય તેમ ક્રોધી માણસ પોતાનું હિત શામાં છે તે જોઈ શકતો નથી.

## આકાશ દર્શન - ૨૦૧૩









# આકાશ દર્શન - ૨૦૧૩



